પરોપકારાય સતાં વિભૂતયઃ

સ્વ. પં. મુક્તિવિમલ સદ્ગુરુભ્યો નમઃ

# શ્રી પ્રાચીન ચૈત્યવંદન
# ચોવીશી સ્તવનાવલિ

卐

સંગ્રાહક

પૂ. સા. મનોરંજનાશ્રીજી મ. સા.

પ્રકાશક

શ્રાવિકા બહેનો.

શ્રી વિમલગચ્છ જૈન ઉપાશ્રય

દેવશાનો પાડો, અમદાવાદ.

મૂલ્યઃ- અમૂલ્ય

સ્વ૦ દાન-દયા-સૌભાગ્યાન્તેવાસી
પં૦ મુક્તિવિમલ-મહેંદ્રવિમલ સદ્ગુરૂભ્યો નમ:

卐

# શ્રી પ્રાચીન ચૈત્યવંદન સ્તવનાદિ સંગ્રહ

卐

વયોવૃદ્ધ, શાંતમૂર્તિ પૂ. સાધ્વીજી મ૦ શ્રી
લક્ષ્મીશ્રીજી મ૦ સા૦ ના સદુપદેશથી

★

: સંગ્રાહક :

પૂ૦ સા૦ મનોરંજનાશ્રીજી મ૦ સા૦

: પ્રકાશક :

શેઠ મૂલજી દેવજી. મુ. જલગામ.

વિ. સં. ૨૦૨૩ ઈ. સ. ૧૯૬૭ વીર સં. ૨૪૯૩

પ્રત ૭૫૦

દેવશાના પાડામાં વિમલગચ્છના ઉપાશ્રયમાં સ્વ:**ચંપાબેન** સામણ તથા શ્રી **કુંકુબેન** સામણ ઘણા વર્ષોથી શ્રી સંઘના દરેક ધાર્મિક કાર્યો તન–મન અને ધનથી ઉલ્લાસ પૂર્વક કર્યા છે. આવા પવિત્ર આત્માઓને ધન્યવાદ.

લી:

લીલાવતી સામણ

: મુદ્રક :

દીલિપ કેસરસિંહ ભાટી

દિપીકા પ્રિન્ટરી,

કાદરીનું ડેહલું, રાયખડ,

**અમદાવાદ.**

**મૂલ્ય–અમૂલ્ય**

# સહાયકોની શુભ નામાવલી

| | | | |
|---|---|---|---|
| ૧૦૧ | શેઠ | મુલજી દેવજી | જલગામ |
| ૨૫ | ,, | રમણલાલ શનાલાલ | અમદાવાદ |
| ૨૫ | ,, | સ્વ. ખોડીદાસ માધવલાલ | ,, |
| ૨૫ | શેઠ | ચુનીલાલ મગનલાલ | ,, |
| ૨૫ | ,, | ડાહ્યાલાલ મગનલાલ | ,, |
| ૨૫ | ,, | ચીમનલાલ મનસુખલાલ | ,, |
| ૨૫ | ,, | હિંમતલાલ મોતીલાલ | ,, |
| ૨૫ | ,. | જેઠાલાલ ગોપાળદાસ | ,, |
| ૨૫ | ,, | શનાલાલ કેશવલાલ | વડસમા |
| ૨૫ | શ્રીમતી | જ્યોત્સ્નાબેન રમણલાલ | નવરંગપુરા |
| ૨૫ | ,, | લીલાબેન મોહનલાલ | બારસાસન |
| ૨૫ | ,, | કુસુમબેન પંચમીતપ નિમિત્તે | અમદાવાદ |
| ૨૧ | ,, | રૂક્ષ્મણીબેન | ડાંગરવા |
| ૧૫ | ,, | વિમળાબેન પુંજાલાલ | અમદાવાદ |
| ૧૧ | ,, | શાંતાબેન | માણસા |
| ૧૧ | ,, | જાસુદબેન કેશવલાલ | અમદાવાદ |
| ૧૧ | શેઠ | ભોગીલાલ દલસુખભાઈ | વિદ્રોલ |

નમો અરિહંતાણું, નમો સિદ્ધાણું, નમો આયરિયાણું નમો ઉવજ્ઝાયાણું, નમો લોએ સવ્વસાહૂણું, એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો, મંગલાણું ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં. ॥

પંચિંદિઅ સંવરણો, તહ નવવિહ બંભચેર ગુત્તિધરો, ચઉવિહ કસાય મુક્કો, ઈઅ અઠ્ઠારસ ગુણેહિં સંજુત્તો, ॥૧॥ પંચ મહવ્વય જુત્તો, પંચવિહાયાર પાલણ સમત્થો, પંચસમિઓ તિગુત્તો. છત્તીસ ગુણો ગુરૂ મજ્ઝ. ॥૨॥

★

શ્રુત સ્કંધ નભશ્ચંદ્ર, સંયમશ્રી વિશેષકમ્;
ઇન્દ્રભૂતિ નમસ્યામિ, યોગીન્દ્રં ધ્યાન સિદ્ધયે.

## નિશ્ચય–વ્યવહારની ચૌભંગી

જે મનોયોગ દર્શન ગુણ સહિત વર્તે તે, જે વચનયોગ સર્વજ્ઞકથિત સાપેક્ષ હોય તે, જે કાયયોગ અસંયમની વિરતિ પૂર્વકનો હોય તે **શુદ્ધ** વ્યવહાર નય જાણવો. પરભાવને કર્તા–ભોક્તાપણે ગ્રહણ કરવું, પ્રવૃત્તિ કરવી તે **અશુદ્ધ** વ્યવહારનય. રાગદ્વેષ અજ્ઞાનની પરિણતિ તે **અશુદ્ધ** નિશ્ચયનય. આત્માને મૂળ ગુણોનો લાભ થાય તે **શુદ્ધ** નિશ્ચયનય.

★

# શ્રી પાર્શ્વજીન સ્તવન

પાસજીણંદ સદાશીવ ગામી, વાલોજી અંતર જામીરે જગજીવન જીનજી, મુરતી તાહરીને મોહનગારી, ભવિયણને હિતકારી રે, જગ.॥૧॥ વામારે નંદન સાંભલો સ્વામી, અરજ કરૂં શિરનામી રે, જગ. દેવ ઘણા મેં તો નયણે રે દીઠા, તુમેં ઘણું લાગો છો મીઠા રે, જગ૦॥૨॥ મેં તો મનમાં તુંહિજ ધ્યાયો, રત્નચિંતામણી પાયો રે, જગ૦ રાત દિવસ મુજ મનમાંહે વસિયો, હું છું તુમ ગુણ રસિયો રે, જગ૦॥૩॥ મહેર કરીને સાહેબા નજરેં નિહાલો, તમે છો પરમ કૃપાલુ રે, જગ૦ ગોડી રે ગામમાં તુંહીજ સોહિયેં, સુરનરનાં મન મોહિયેં રે, જગ૦॥૪॥ બે કર જોડી પ્રભુ પાયે લાગું, નિત નિત દરિસણ માગું રે, જગ૦દેવ નહિ કોઈ તાહરી તોલેં, નિત લાભ એણિપરેં બોલે રે, જગ૦॥૫॥

# શ્રી મહાવીર જિન સ્તવન.

સિદ્ધારથ કુળ કમળ દિવાકર, સોવન વાન શરીર, રાણી તારો ચિરંજીવો મહાવીર, થા થા થૈ થૈ નાટક કરતાં, ભરી નવરાવે નીર, રાણી તાહરો ચિરંજીવો મહાવીર૦॥૧॥ ઈંદ્ર તે જિનના ઓછવ કરતાં, મેરુ શિખર ભરે નીર; રાણી૦ આણ્યા ઈંદ્રથી આનંદ પામ્યા, ધરતા મુની મન ધીર; રાણી૦॥૨॥ ભર નિંદ્રામાંથી ત્રિશલારે જાગ્યા, બેઠા હરખ ધરી ધીર, રાણી૦ સુરલોકે સહુ જોવારે મળિયા, દેવે પહેરાવ્યા ચીર, રાણી૦ ॥૩॥ દીવાળી દીન પોસહ કરીએ, અઢાર દેશના રાય, રાણી૦ આસો વદિ અમાવાસ્યાની રાતે, પાછલી ઘડી એક ચાર, રાણી૦॥૪॥ ગુણણું ગણીએ અને વીર સમરીએ, હણીએ પાપ અઢાર, રાણી૦ મહાવીર સ્વામી મુકતે રે પહોંત્યા, ગૌતમ કેવળ જ્ઞાન, રાણી૦ પંડિત લક્ષ્મીવિમળ પભણે, દેવે વખાણ્યા શ્રીર, રાણી૦॥૫॥

# વિષયાનુક્રમ :


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| મંગલાચરણ | ૧ |
| પ્રભુપાસે બોલવાની સ્તુતિઓ | ૨ |
| ચોવીશ ભગવાનના ચૈત્ય-વંદન-સ્તવનો આદિ | ૯–૬૪ |
| સમવસરણનું સ્તવન | ૬૮ |
| સિદ્ધદંડિકા " | ૭૬ |
| દિવાળીનું ચૈત્યવંદન | ૮૪ |
| શાંતિજિન થોય | ૮૬ |
| નેમરાજુલનો માંડવો | ૯૫ |
| શ્રી વર્ધમાનતપનું સ્તવન (ઢાળ–૩) | ૧૦૮ |
| શ્રી નેમરાજુલનો પત્ર | ૧૧૪ |
| શ્રી મૂર્ખને શિખામણની સજઝાય | ૧૧૮ |

श्री सुधर्मास्वामी गणधराय नमः

मंत्रः—ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः

# श्री प्राचीन चैत्यवंदन चोवीशी अने स्तवनावलि

## मंगलाचरण

અર્હન્તો ભગવંત ઇન્દ્રમહિતા, સિદ્ધાશ્ચ-સિદ્ધિસ્થિતા; આચાર્યા જિનશાસનોન્નતિકરા, પૂજ્યા ઉપાધ્યાયકા; શ્રી સિદ્ધાંતસુપાઠકા મુનિવરા, રત્નત્રયારાધકાઃ, પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વંતુ વો મંગલમ્.॥૧॥ અશોક-વૃક્ષઃ સુરપુષ્પવૃષ્ટિઃ, દિવ્યધ્વનિ ચામર-માસનં ચ; ભામંડલં દુંદુભિરાત્રપત્રં, સત્પ્રા-તિહાર્યાણિ જિનેશ્વરાણામ્.॥૨॥ સકલકુશલ-

વહ્નિ, પુષ્કરાવર્તમેઘો, દુરિતતિમિર ભાનુઃ, કલ્પવૃક્ષોપમાનઃ; ભવજલનિધિ પોતઃ, સર્વ સંપત્તિ હેતુઃ, સ ભવતુ સતતં વઃ, શ્રેયસે શાંતિનાથઃ શ્રેયસે પાર્શ્વનાથઃ ॥૩॥

# શ્રી પ્રભુ પાસે બોલવાની સ્તુતિઓ.

## ॥ શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ સ્તોત્રમ્ ॥

( શાર્દૂલવિક્રીડિત છંદઃ )

કિં કર્પૂરમયં, સુધારસમયં કિં ચન્દ્રરોચિર્મયં; કિં લાવણ્યમયં મહામણિમયં કારુણ્યકેલિમયમ્; વિશ્વાનન્દમયં, મહોદયમયં, શોભામયં ચિન્મયં, શુકલધ્યાનમયં વપુર્જિનપતેર્ભૂયાદ્ ભવાલમ્બનમ્ ॥૧॥ પાતાલં કલયન્ ધરાં ધવલયન્નાકાશમાપૂરયન્, દિક્ચક્રં ક્રમયન્ સુરાસુરનર શ્રેણીં ચ વિસ્માપયન્ ॥ બ્રહ્માણ્ડં

સુખયન્ જલાનિ જલધેઃ ફેનચ્છલા લ્લોલયન,
શ્રી ચિન્તામણિપાર્શ્વ સંભવયશો હંસશ્ચિરં
રાજતે ॥૨॥ પુણ્યાનાં વિપણિસ્તમોદિનમણિઃ
કામેભકુમ્ભશ્રૃણિ મોક્ષે નિસ્સરણિઃ સુરેન્દ્ર
કરણિ જ્યોતિઃ પ્રભાસારણિઃ; દાને દેવમણિર્નતો-
ત્તમજનશ્રેણિઃ કૃપાસારણિ, વિશ્વાનન્દ સુધા-
ઘૃણિર્ભવભિદે, શ્રીપાર્શ્વચિન્તામણિઃ ॥૩॥
શ્રી ચિન્તામણિપાર્શ્વ વિશ્વજનતા સંજીવન-
સ્ત્વં મયા, દૃષ્ટ સ્તાત તતઃ શ્રિયઃ સમભવન્ના
શક્રમાચ્ચક્રિણઃ; મુક્તિઃ ક્રીડતિ હસ્તયો બ્હુ-
વિધં સિદ્ધં મનોવાંછિતં, દુર્દૈવં દુરિતં ચ દુર્દિન-
ભયં કષ્ટં પ્રણષ્ટં મમ ॥૪॥ યસ્ય પ્રૌઢતમપ્રતાપ
તપનઃ પ્રોદ્દામ ધામા જગ, જ્જંઘાલઃ
કલિકાલકેલિદલનો મોહાન્ધ્યવિધ્વંસકઃ; નિત્યો
દ્યોતપરં સમસ્તકમલા કેલિગૃહં રાજતે,

સ શ્રી પાર્શ્વજિનો જને હિતકૃતૌ ચિન્તામણિઃ પાતુ મામ્‌૦॥૫॥ વિશ્વવ્યાપિ તમો હિનસ્તિ તરણિર્બાલોપિ કલ્પાંકુરો, દારિદ્રાણિ ગજાવલીં હરિશિશુઃ કાષ્ટાનિ વન્હેઃ કણઃ॥ પીયૂષસ્ય લવોપિ રોગનિવહં યદ્વત્તથા તે વિભો ? મૂર્તિઃ સ્ફૂર્ત્તિમતી સતી ત્રિજગતી કષ્ટાનિ હર્ત્તું ક્ષમા.॥૬॥ શ્રીચિન્તામણિ મન્ત્રમોં- કૃતિયુતં હ્રીંકારસારાશ્રિતં, શ્રીમર્હંનમિઉણ પાશ- કલિતં ત્રૈલોક્યવશ્યાવહમ્‌॥ દ્વેધાભૂતવિષાપહં વિષહરં શ્રેયઃ પ્રભાવાશ્રયં, સોલ્લાસં વસુહાંકિતં જિન ? ફૂલિંગાનન્દનં દેહિનામ્‌॥૭॥ હ્રીં શ્રીંકારવરં નમોક્ષર પરં ધ્યાયન્તિ યે યોગિનો, હૃત્પદ્મે વિનિવેશ્ય પાર્શ્વમધિપં ચિન્તામણિ સંજ્ઞકમ્‌॥ ભાલે વામભુજે ચ નાભિકરયોર્ભૂયો ભુજે દક્ષિણે, પશ્ચાદૃષ્ટદલેષુ તે શિવપદં

દ્વિત્રૈર્ભવૈર્ચાન્ત્યહો. ॥૮॥ નોરોગા નૈવ શોકા ન કલહકલના નારિ મારિ પ્રચારો, નૈવાધિર્નાસમાધિર્ન ચ દરદુરિતે દુષ્ટદારિદ્રતા નો, નો શાકિન્યો ગ્રહા નો ન હરિ કરિ ગણા વ્યાલવેતાલજાલા-જાયન્તે પાર્શ્વચિન્તામણિનતિવશતઃ પ્રાણિનાં ભક્તિભાજામ્ ॥૯॥ ગીર્વાણદ્રુમ ધેનું કુમ્ભમણયસ્તસ્યાંગણે, રંગિણો, દેવા દાનવમાનવાઃ સવિનયં તસ્મૈ હિતધ્યાયિનઃ; લક્ષ્મીસ્તસ્ય વશા વશેવ ગુણિનાં બ્રહ્માણ્ડ સંસ્થાયિનીઃ, શ્રી ચિન્તામણિપાર્શ્વનાથ મનિશં સંસ્તૌતિ યો ધ્યાયતિ. ॥૧૦॥ ઇતિ જિનપતિપાર્શ્વઃ પાર્શ્વપાર્શ્વાખ્યયક્ષઃ, પ્રદલિત દુરિતૌઘઃ પ્રીણિત પ્રાણિ સાર્થઃ; ત્રિભુવનજન વાંછાદાન ચિન્તામણીકઃ, શિવપદતરૂબીજં બોધિબીજં દદાતુ ॥૧૧॥

# શ્રી મંત્રાધિરાજ સ્તવનમ્

મન્ત્રાધિરાજાક્ષર વર્ણયુક્તિ સ્તેષાં જિનાંગેષુ નિવેશ્ય ભંગીમ્ ।। વક્ષ્યે યથાવત્પ્રથમં ચ તત્ર,ૐ મક્ષરં નીલરુચિં લલાટે ।।૧।। ૐ દક્ષિણાંસે પુનરેવ શોણં, વામાંસકે હ્રાઁ ભજ પંચવર્ણમ્; સિંદૂરભં હ્રીઁ સ્મર વામહસ્તે, હ્રીઁ ધૂમ્રવર્ણં ભણ વામકુક્ષૌ ।।૨।। હ્રઃ કૃષ્ણવર્ણં કટિવામદેશે, યઃ સવ્યજાનુ સ્થિતિ ધૂમ્રવર્ણં; ક્ષઃ પીતભં પાદતલે ચ વામે, હ્રીઁ પંચવર્ણં પુનરેવ નાભૌ ।।૩।। ફુ ધૂમ્રવર્ણં કથયંતિ ગુહ્યે, ટ્ વ્યજન પાદતલે પસવ્વે, ફુટ્ દક્ષિણે જાનુનિ ધૂમ્રવર્ણં ટ્ દક્ષિણાયાં ચ કટી ચ કૃષ્ણં ।।૪।। સ્વા કૃષ્ણભં દક્ષિણ કુક્ષિલક્ષ્યં, હા દક્ષિણે હસ્ત તલે વિનીલમ્ ।। એ સ્ફાટિકં દક્ષિણવક્ષસોંશે,

ઐં વામવક્ષો જગતં સિતાંશું ॥૫॥ ગદ્યં-
ઇતિ સપ્તદશાક્ષરાણિ, સાક્ષાદિવ ચ નિવેશ્ય
પુરઃ સ્થજિનસ્ય મૂર્તૌ; ધ્યાયતિ વિજયા જયા
સમં યઃ, સ ભવતિ નિત્યવશી કૃતાષ્ટ સિદ્ધિઃ ॥
ઇહ હિ ભવતિ તુષ્ટો યસ્ય મંત્રાધિરાજઃ, સ
ભવતિ ભુવિ વિદ્વાન ખેચરશ્ચક્રવર્તી ॥ સદ-
તિશયસમૃદ્ધિઃ સર્વકલ્યાણસિદ્ધિ, ધૃતિ મતિ
રતિ કીર્ત્તિઃ શ્રીપતિ ધૌતકીર્ત્તિઃ ॥૬॥

(ઇતિ શ્રીમંત્રાધિરાજસ્તવનં સપ્રભાવં
સાતિશયં ગણિરામવિજયેન લિખિતમ્)

## શ્રીજ્ઞાનવિમલસૂરિવિરચિતચતુર્વિંશતિ જિન દેવવંદનમાંથી

# શ્રી ઋષભદેવજીનું ચૈત્યવંદન.

પ્રથમ જિનેશ્વર ઋષભદેવ, સર્વાર્થથી ચવીયા,
વદી ચઉથે આષાઢની, શક્રે સંસ્તવિયા ॥૧॥
અષ્ટમી ચૈત્રહ વદી તણી, દિવસે પ્રભુ જાયા;
દીક્ષા પણ તિણહિજ દિને, ચઉનાણી થાયા;
॥૨॥ ફાગણ વદી ઇગ્યારસે એ, જ્ઞાન લહે
શુભ ધ્યાન, મહાવદી તેરસે શિવ લહ્યા,
પરમાનંદ નિધાન ॥૩॥

# શ્રી રામવિજયજી કૃત
# સ્તવન ચોવિશી.

## શ્રી ઋષભદેવ જીન સ્તવન

**હાંરે મારે યોવનીઆનો લટકો દાહાડા ચારજો.**

એ દેશી.

હાંરે આજ મલિઓ મુજને તિન ભુવનનો નાથજો; ઉગ્યો સુખ સુરતરૂ મુજ ઘટ ઘર આંગણેરેજો; હાંરે આજ અષ્ટ મહાસિદ્ધી આવી માહરે હાથજો, નાઠા માઠા દાહડા દરિશણ પ્રભુ તણારેજો.॥૧॥ હાંરે માહારે હિયડે ઉલટી ઉલટ રસની રાશીજો, નેહ સલુણી નજર નિહાલી તાહરીરેજો; હાંરે હું તો જાણું નિશ દિન બેસી રહું તુજ પાસજો; તાહરે નેહે

ભેદી ગ્રંથી માહરીરેજો.॥૨॥ હાંરે મ્હારી પુગી પુરણ રીતે મનની હોંશજો, દુરજનીઆ તે દુઃખભરી આવટસ્યે પડયારેજો; હાંરે પ્રભુ તું તો સુરતરૂ બીજા જાણ્યા તુસજો; તુજ ગુણ હીરો મુજ હિયડાં ઘાટે જડયોરેજો.॥૩॥ હાંરે પ્રભુ તુજસ્યું મ્હારે ચોલ મજીઠો રંગજો, લાગ્યો એહવો તે છે કુણ ટાલી શકેરેજો; હાંરે પ્રભુ પલટે તે તો કાચો રંગ પતંગજો, લાગ ન લાગે દુરજનનો કો મુજ થકેરેજો; ॥૪॥ હાંરે પ્રભુ તાહરી મુદ્રા સાચી મોહન વેલજો; મોહ્યા તીન ભુવન જન દાસ થઈ રહ્યારેજો, હાંરે પ્રભુ જે નવિ રંજ્યા તે સુરતરૂને ઠેલિજો; દુખ વિષ વેલી આદર કરવા ઉમહ્યારેજો.॥૫॥ હાંરે પ્રભુ તાહરી ભક્તિ ભિનુ માહરૂ ચિત્તજો; તલ જીમ તેલે

મેલે જેમ સુવાસનારેજો; હાંરે પ્રભુ તાહરી દીઠી જગમે મોટી રીતજો, સફ્લ ફ્લ્યા અરદાસ વચન મુજ દાસનારેજો. ॥૬॥ હાંરે મ્હારે પ્રથમ પ્રભુજી પુરણગુણને ઈસજો; ગાતાં રૂષભ જીણેશર હુસે મન તણીરેજો; હાંરે મારે વિમલ વિજય વરવાચકને સુભસીસજો; **રામે** પામી દિન દિન દોલત અતિ ઘણીજો. ॥૭॥

## શ્રી ચતુર્વિંશતિ જિન સ્તુતિ.

શ્રી તીર્થરાજ વિમલાચલ નિત્ય વંદો, દેખી સદા નયનથી જેમ પૂર્ણ ચંદો, પૂજે મળી સુરવરો નરનાથ જેને, ધારી સદા ચરણ લંછન માંહિ તેને.॥૧॥ શ્રેયાંસના ઘર વિષે રસ ઈક્ષુ લીધો; ભિક્ષા ગ્રહી નિજ પ્રપૌત્ર સુપાત્ર કીધો, માતા પ્રતે વિનય ભાવ ધરી

પ્રભુએ, અપ્યું અહો પરમ કેવલ શ્રીવિભુએ. ॥૨॥ દેવાધિદેવ ગજ લંછન ચંદ્ર કાંતિ, સંસાર સાગરતણી હરનાર ભ્રાંતિ; એવા જિનેશ્વર તણા યુગપાદ પૂજો, દીઠો નહીં જગતમાં તુમ તુલ્ય દુજો. ॥૩॥

## શ્રી અજિતનાથ જિન ચૈત્યવંદન.

શુદી વૈશાખની તેરસે, ચવિયા વિજયંત; મહા શુદિ આઠમ જનમીયા, બીજા શ્રી અજીત. ॥૧॥ મહા શુદી નવમે મુનિ થયા, પોષી ઈગ્યારસ, ઉજ્જવલ ઉજ્જવલ કેવલી, થયા અક્ષય કૃપા રસ ॥૨॥ ચૈત્ર શુકલ પંચમી દિને એ, પંચમ ગતિ લહ્યા જેહ; ધીરવિમલ કવિરાયનો, **નય** પ્રણમે ધરી નેહ. ॥૩॥

## શ્રી અજીતનાથ જીન સ્તવન.

### યશોદાજી કાનો તુમારો રોકી રહે યમુનાનો આરો. એ દેશી.

દીઠો નંદન વિજયાનો નહી લેખો હરષ થયાનો; પ્રભુ કીધો મન મયાનો, બોલ પાળ્યો બાંહ્ય ગ્રહ્યાનો. ॥૧॥ મુજને પ્રભુ પદ સેવાનો, લાગ્યો છે અવિરતાનો, મુજ વાહલો તે હિયડાનો; જે રસિયો નાથ કદાનો. ॥૨॥ ન ગમે સંગ મુજ બીજાનો, જો કેલવે કોડિક વાનો; જીણે ચાખ્યો સ્વાદ સીતાનો, તેહને ભાવે ધંતુરો સ્યાનો ॥૩॥ પ્રભુ સાથે લાડ કર્યાનો, માહરે આ સંગ સદાનો; પ્રભુનો ગુણ ચિત્ત હર્યાનો, કહિયે મુજ નહી વિસર્યાનો ॥૪॥ નહી છે માહારે વિનવ્યાનો, પ્રભુજીથી શું છે છાનો; શિષ

વાચક વિમલ વિજયનો, લહે **રામ** સુબોલ વિજયનો. ॥૫॥

## શ્રી અજિતજિન સ્તુતિ.

જન્મ્યાતણી નયરી ઉત્તમ જે અયોધ્યા,
ત્રાતા નરેશ પ્રભુના જિતશત્રુ યોધા;
દેદીપ્ય માન જનની વિજયા સ્વિકારી,
સેવો સદા અજિતનાથ ઉમંગ કારી. ॥૧॥

## શ્રી સંભવનાથ જિન ચૈત્યવંદન.

સપ્તમ ગ્રૈવેયક થકી, ચવિયા શ્રી સંભવ; ફાગણ શુદિ આઠમ દિને, ચઉદસી અભિનવ ॥૧॥ મૃગશિર માસે જનમીયા, તિણી પૂનમ સંજમ; કાર્તિક વદી પંચમી દિને, લહે કેવલ નિરૂપમ. ॥૨॥ પંચમી ચૈત્રની ઉજલી

એ, શિવ પહોંત્યા જિનરાજ; જ્ઞાનવિમલ પ્રભુ પ્રણમતાં, સીઝે સઘલાં કાજ.॥૩॥

## શ્રી સંભવનાથ જિન સ્તવન.

### મુજરો લેજો જાલિમ જાટડી. એ દેશી.

મુજરો લ્યોને માહારો સાહિબા, ગિરૂઆ ગરીબ નિવાજ, અવસર પામીજી એહવો, અરજ ન કરશોજી આજ. મુ૦॥૧॥ તરૂ આપે ફલ ફૂલડાં, જલ આપે જલધાર; આપ સવારથ કો નહીં; કેવલ પર ઉપગાર. મુ૦॥૨॥ તિમ પ્રભુ જગ જન તારવા, તેં લીધો અવતાર; માહારી વેલાજી એવડો, એ છે કવણ વિચાર. મુ૦॥૩॥ ખિજમતગાર હું તાહરો, ખામી ન કરૂજી કોઈ, બિરૂદ સંભાલી આપણો, હિતની નજરેજી જોઈ. મુ૦॥૪॥

સંભવ સાહિબ માહરા, તુ મુજ મલીઓજી ઈશ; વાચક વિમલ વિજય તણો, **રામ** કહે શુભ શીશ. મુ૦ા૫ા

## શ્રી સંભવનાથ જિન સ્તુતિ.

વાધે ન કેશ શિરમાં નખ રોમ વ્યાધિ,
પ્રસ્વેદ ગાત્ર નહિ લેશ સદા સમાધિ;
છે માંસ શોણિત અહો અતિ શ્વેતકારી,
હે સ્વામિ સંભવ સુસંપદ ગાત્ર તારી.ા૧ા

## શ્રી અભિનંદન જિન ચૈત્યવંદન.

જયંત વિમાન થકી ચવ્યા, અભિનંદન રાયા; વૈશાખ શુદી ચોથી માઘ, શુદી બીજે જાયા.ા૧ા મહાશુદી બારશે ગ્રહીય દીક્ષા, પોષ શુદી ચઉદશ; કેવળ શુદી વૈશાખની; આઠમે શિવસુખરસ.ા૨ા ચોથા જિનવરને નમીએ,

ચઉગતિ ભ્રમણ નિવાર; **જ્ઞાનવિમલ** ગણપતિ કહે, જિન ગુણનો નહીં પાર.॥૩॥

## શ્રી અભિનંદન જિન સ્તવન.

### નંદ નંદ સલુણા નંદનારે લો. એ દેશી.

સંવર રાયના નંદનારેલો, ત્રિભુવન જન આનંદના રે લો, મુરતી મોહનગારીયેરે લો, તન ધન જીવન વારીયેરેલો. સં૦ ॥૧॥ મુજરો લિજે માહરોરેલો, હું છું સેવક તાહરો રે લો, જગ તારક નહી બીસરોરે લો, તો મુજને કિમ વિસરોરે લો. સં૦॥૨॥ જે જેહના તે તેહનારેલો, સેવું પાસાં કહેનાંરે લો; અપજસ જગ જે દેવનાંરેલો, ન કરૂં તેહની સેવનારે લો. સં૦॥૩॥ જે ફલ ચાખ્યાં કાગડોરેલો, તે હંસો કિમ આભડેરેલો; આપ વિચારી દેખસોરેલો, તો મુજ કેમ ઉવેખશોરે

લો. સં૦ાા૪ાા અભિનંદન જીન ભેટીયોરેલો, ભવસાયર ભવ મેટીયોરેલો; વાચક વિમલ વિજય તણોરેલો, **રામ** લહે આણંદ ઘણો રે લોલ,સં૦ાા૫ાા

## શ્રી અભિનંદન જિન સ્તુતિ.

જે શ્વાસ અંબુજ સુગંધ સદા પ્રમાણે, આહારને તુમ નિહાર ન કોય જાણે, એ ચાર છે અતિશયો પ્રભુ જન્મ સાથે, વંદુ હંમેશ અભિનંદન જોડી હાથે.ાા૧ાા

## શ્રી સુમતિનાથ જિન ચૈત્યવંદન.

શ્રાવણ શુદી બીજે ચવ્યા, મેહેલીને જયંત; પંચમી ગતિ દાયક નમું, પંચમ જિન સુમતિ.ાા૧ાા શુદી વૈશાખની આઠમે, જનમ્યા તિમ સંજમ; શુદી નવમી વૈશાખની, નિરૂપમ

જસ શમ દમ ॥૨॥ ચૈત્ર અગ્યારશ ઉજલીએ, કેવલ પામે દેવ, શિવ પામ્યા તિણે નવમીયે, **નય** કહે કરો તસ સેવ.॥૩॥

## શ્રી સુમતિનાથ જિન સ્તવન.

**અરજ અરજ સુણોને રૂડા રાજીઆ હોજી. એ દેશી.**

સુમતિ સુમતિ સલુણા માહારા સાહિબાહોજી, જગજીવન જીનચંદ; ધનધન ધનધન માતા મંગલાહોજી, જીણે તું જાઓરે નંદ. સુ૦ ॥૧॥ ગિરૂઆ ગિરૂઆઈ પ્રભુ તાહરીહોજી, દીઠી જોતાં રે જોર; તુમ ગુણ તુમ ગુણ જે નવી રંજીઆહોજી, તે માણસ પણ ઢોર. સુ૦ ॥૨॥ અમને અમને તુમારો આશરોજી, જો પણ દાખો ન વેણ, અધીક અધીક બોલી દાખવે હોજી, તે તો ઉછારે સેણ. સુ૦॥૩॥ દેખી દેખી તુમ મુખ ચંદ્રમાહોજી, જે સુખ પામે

રે નેણ; તે મન તે મન જાણે માહરૂહોજી, પણ ન કહાયે રે વેણ સુ૦॥૪॥ એકણ એકણ તુમ મેલાવડેહોજી, સફલ હુઓ અવતાર; વિમલ વિમલ વિજય ઉવજ્ઝાયનોહોજી, **રામ** લહે જયકાર. સુ૦॥૫॥

## શ્રી સુમતિનાથ જિન સ્તુતિ.

ભૂમંડલે વિચરતા જિનરાજ જ્યારે, કાંટા અધોમુખ થઈ રજ શુદ્ધ ત્યારે; જે એક જોજન સુધી શુભ વાત શુદ્ધી, એવા નમું સુમતિનાથ સદા સુબુદ્ધિ.॥૧॥

## શ્રી પદ્મપ્રભ જિન ચૈત્યવંદન.

નવમા ગ્રૈવેયકથી ચવ્યા, મહાવદી છઠ દિવસે, કાર્તિક વદી બારશે જનમ, સુરનર સવિ હરખે ॥૧॥ વદી તેરસ સંયમ ગ્રહે, પદ્મપ્રભુ

સ્વામી; ચૈત્રી પૂનમ કેવલી, વલી શિવગતિ પામી. ॥૨॥ મૃગશિર વદી ઈગ્યારશે એ, રક્તકમલ સમ વાન; **નયવિમલ** જિનરાજનું, ધરીયે નિર્મલ ધ્યાન ॥૩॥

## શ્રી પદ્મપ્રભ જિન સ્તવન.

### નથગઇ રે નથગઈ, એ દેશી.

અજબ બનીરે મેરે અજબ બની, અજબ બની પ્રભુ સાથે પ્રીતિ; તો મુજ દુરગતિની શી ભિતી. મેરે અજબ બની, દેખી પ્રભુની મોટી રીતિ, પામી પુરણ રીતિ પ્રતીતિ. મે૦॥૧॥ જે દુનિયામાં દુરલભ નેટી; તે મેં પામી પ્રભુને ભેટી; મે. આલસુને ઘેર આવી ગંગ, પામ્યો પંથી સરવ તુરંગ. મે.॥૨॥ તિરસે પાયો માનસ તીર; વાદ કરતાં વાધી ભીર;

મે. ચિત્ત ચોરયા સાજનનો સંગ, અણ-ચિંત્યો મલ્યો ચડતે રંગ. મે૦ ॥૩॥ જીમ જીમ નિરખુ પ્રભુ મુખ નુર, તિમ તિમ પાઉ આનંદ પુર; મે૦ સુણતાં જન મુખ પ્રભુની વાત, હરખે થાહારા સાતે ધાત. મે. ॥૪॥ પદ્મપ્રભુ જીનને ગુણ જ્ઞાન, લહીયે શિવપદવી અસમાન; મે વિમલવિજય વાચકનો સીસ, રામ પાયો પરમ જગદીશ. મે ॥૫॥

## શ્રી પદ્મપ્રભ જિન સ્તુતિ.

વૃષ્ટિ કરે સુરવરો અતિ સુક્ષ્મધારી, જાનું પ્રમાણ વિરચે કુસુમો શ્રીકારી; શબ્દો મનોહર સુણી શુભ શ્રોત્રમાંહિ, શ્રી પદ્મનાથ પ્રભુને પ્રણમું ઉછાંહિ.॥૧॥

## શ્રી સુપાર્શ્વનાથ જિન ચૈત્યવંદન.

છઠ્ઠા ગ્રૈવેયકથી ચવી, જિનરાજ સુપાસ; ભાદરવા વદી આઠમે, અવતરીયા ખાસ ॥૧॥ જેઠ શુકલ બારસે જણ્યા, તસ તેરસે. સંજમ; ફાગણ વદી છઠ્ઠે કેવલી, શિવ લહે તસ સત્તમિ.॥૧॥ સત્તમ જિનવર નામથી એ, સાત ઇતિ શમંત; **જ્ઞાનવિમલ** સૂરિ નિત રહે, તેજ પ્રતાપ મહંત.॥૩॥

## શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન.

**માહારે જાઈ સહિયરોનો સાથ, કાંબલી મેલોને કાનજીરે-એ દેશી.**

દીસે અકલ સરૂપ સ્વામી સુપાસજી તાહરોરે, લોક વદીતી વાત, રાગ ન રોસ હિયે ધરોરે દી૦ ॥૧॥ જેહને

વસ મહાદેવ, ઉમયા નારી નચાવીયારે;
વૃંદ્રાવનમાં કાન્હ, ગોપી રાસ રમાવીયારે.
દીo॥૨॥ બ્રહ્મા પાડયો ફંદ, સાવીત્રી નીજ
દીકરી રે, તે તે મદના પિશાચ હણતાં, કરૂણા
કેશી કરી રે. દીo॥૩॥ ક્રોધ સરીખા યોદ્ધ
તેં તો ખીણ માંહિ મારીયારે, જે વલી
જાલ્યા બાંહી, તેં તો હેજશું તારીયા રે.
દીo॥૪॥ કહીયે કેતો એમ, તુજ અવદાત
અછે ઘણો રે, **રામ** કહે શુભ સીશ; વાચક
વિમલવિજય તણો રે. દીo॥૫॥

## શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તુતિ.

સેવા કરે યુગલ યક્ષ સુહંકરો ને, વીંજે ધરી
કર વિષે શુભ ચામરોને, વાણી સુણે સરસ
જોયણ એક સારી, વંદુ સુપાર્શ્વ પુરૂષોત્તમ
પ્રીતિકારી.॥૧॥

## શ્રી ચંદ્રપ્રભ જિન ચૈત્યવંદન.

ચંદ્રપ્રભ જિન આઠમા, ચંદ્રપ્રભસમ દેહ; અવતરીયા વિજયંતથી, વદી પંચમી ચૈત્રહ, ॥૧॥ પોષ વદી બારસ જનમીયા, તસ તેરસે સાધ; ફાગણ વદની સાતમે, કેવલ નિરાબાધ. ॥૨॥ ભાદ્રવ સાતમ શિવ લહ્યાએ, પૂરી પૂરણ ધ્યાન; અઠ્ઠમહા સિદ્ધિ સંપજે, **નય** કહે જિન અભિધાન. ॥૩॥

## શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન.

### થા પરિવારી મારા સાહિબા કાબિલ મત ચાલો. એ દેશી.

ચંદ્રપ્રભુની ચાકરી, મુને લાગે મીઠી; જગમાં જોડી જેહની, કિહાં દીસે ન દીઠી. ચં॥૧॥ પ્રભુને ચરણે માહરૂં, મનડું લલચાણું, કુણ

છે બીજે જગે, જિણે જોયે પલટાણું. ચં૦ ॥૨॥ કોડિ કરે પણ અવરકો, મુજ હિયડે નાવે; સુરતરૂ ફૂલે મોહિયો, કિમ આક સોહાવે. ચં૦॥૩॥ મુજ પ્રભુ મોહન વેલડી, કરૂણાશુ ભરીઓ; પ્રભુતા પૂરી ત્રિભુવને, ગુણ મણીનો દરીઓ. ચં૦॥૪॥ જિમજિમ નિરખું નયણડે, તિમ હિયડું હુલસે; એક ઘડીને અંતરે, મુજ મનડું તરસે, ચં૦॥૫॥ સહજ સલુણો સાહિબો, મિલ્યો શિવનો સાથી; સહજે જીત્યો. જગતમેં પ્રભુની સેવાથી, ચં૦॥૬॥ વિમળ વિજય ગુરૂ શિષ્યનો, શિષ્ય કહે કરજોડી, **રામવિજય** પ્રભુ નામથી લહે સંપદ કોડી ચં૦॥૭॥

## શ્રી ચંદ્રપ્રભ જિન સ્તુતિ.

જલ્પે જિનેંદ્ર મુખ માગધિ અર્ધભાષા, દેવો

નરો તિરિગણો સમજે સ્વભાષા, આર્યો અનાર્ય સઘળા જન શાંતિ પામે, ચંદ્રપ્રભુ ચરણ લંછન ચંદ્ર નામે. ॥૧॥

## શ્રી સુવિધિનાથ જિન ચૈત્યવંદન.

ગોરા સુવિધિ જીણંદ, નામ બીજું પુષ્પદંત; ફાગણ વદિ નોમે ચવ્યા, મેહેલી સુર અનંત. ॥૧॥ મૃગશિર વદી પંચમી જણ્યા, તસ છઠ્ઠે દીક્ષા, કાર્તિક શુદિ ત્રીજે કેવળી, દીયે બહુ પરે શિક્ષા.॥૨॥ સુદી નવમી ભાદ્રવા તણીએ, અજર અમર પદ હોય, **ધીરવિમળ** સેવક કહે, એ નમતાં સુખ હોય.॥૩॥

## શ્રી સુવિધિનાથનું સ્તવન.

**મુરલી વાઇછેરે રસાલ મુરલી સાંભળવા જઇએ, એ દેશી.**

પ્રભુની વાણી જોર રસાળ, મનડું સાંભલવા તરસે, સજલ જલદ જીમ ગાજતી, જાણે વરસે અમૃતધાર; મન૦ સાંભલતાં લાગે નહી, ક્ષણ ભુખને તરસ લગાર; મ૦॥૧॥ તિર્યંચ મનુષ ને દેવતા સહુ, સમજે નિજ નિજવાણ; મ૦ જોજનક્ષેત્રે વિસ્તરે, નય ઉપનય રતનની ખાણ. મ૦॥૨॥ બેસે હરિમૃગ એકઠા, ઊંદર માંજારના બાલ; મ૦ મોહ્યા પ્રભુની વાણીએ, કો ન કરે કેહની આલ. મ૦॥૩॥ સહસ વરસ જો નીગમે, તોહે તૃપતિ ન પામે મન; મ૦ સાતાયે સહુ જીવના, રોમાંચિત હુવે તન. મ૦॥૪॥ વાણી સુવિધિ જીણંદની, શિવ રમણીની દાતા; મ૦ વિમલ વિજય ઉવજ્ઝાયનો, શિષ્ય **રામ** લહે જયકાર. મન૦॥૫॥

## શ્રી સુવિધિનાથ જિન સ્તુતિ.

વૈરી વિરોધ સઘળા જન ત્યાં વિસારે,
મિથ્યાત્વિઓ વિનયી વાકય મુખે ઉચ્ચારે,
વાદી કદી અવિનયી થઈ વાદ માંડે, દેખી
જિનેશ સુવિધિ જન ગર્વ છાંડે.॥૧॥

## શ્રી શીતલનાથ જીન ચૈત્યવંદન.

પ્રાણત કલ્પ થકી ચવ્યા, શીતળ જીન દશમા;
વદી વૈશાખની છઠ્ઠે જાણ, દાહજવર પ્રશમ્યા.॥૧॥
મહાવદિ બારસ જનમ દિક્ષા, તસ બારસે
લીધ; વદિ પોષ ચૌદસ દીને, કેવળી પરસિદ્ધ
॥૨॥ વદિ બીજે વૈશાખની એ, મોક્ષ ગયા
જીનરાજ; જ્ઞાનવિમળ જિનરાજથી, સીઝે
સઘળાં કાજ ॥૩॥

## શ્રી શીતલનાથનું સ્તવન.

**અબકો ચોમાસો મ્હારા પુજજી રહોને–એ દેશી**

ભગતીનો ભિનો મારો મુજરો થે લ્યોને, નેહલે સલુણો થારો દરસણ દ્યોને, મોરા દિલમેરે આવી રહોને, આંકણી. શિતલ જીન ત્રીભુવન ધણી રે, પ્રભુ સેવકને ચિત્ત લહોને; દાસ કહાયો આપણો રે, પ્રભુ તેહની લાજ વહોને. ભગ૦ ॥૧॥ જાણપણુ મેં તાહરૂરે, પ્રભુ તે નવી દિઠુ કયાંહીને; મોહન મુદ્રા દેખીને રે, પ્રભુ વસી મુજ હૈયડા માંહિને. ભગ૦ ॥૨॥ રાત દિવસ તુજ ગુણ જપુરે, પ્રભુ બીજુ કાંઈ ન સુહાયને, જીમ જાણો તિમ રાખજો રે, પ્રભુ હુ વલગો તુમ પાયને. ભગ૦॥૩॥ નરક નિગોદ તણા ધણી રે, પ્રભુ તેં ઝાલ્યા બાહીને; તેહ થયા તુજ સારીખારે, પ્રભુ

સેવક કે મન ચાહિને, ભગ.॥૪॥ તુમ દીઠે દુ:ખ વિસર્યાં રે, પ્રભુ વાધ્યો વધતે વાનને; વિમલવિજય ઉવજ્ઝાયનોરે, પ્રભુ **રામ** કહે ગુણજ્ઞાનને. ભગ.॥૫॥

## શ્રી શીતલનાથ જિન સ્તુતિ.

જે દેશમાં વિચરતા જિનરાજ જ્યારે, ભીતી ભયંકર નહી લેવલેશ ત્યારે; ઇતી ઉપદ્રવ દુકાલતિ દૂર ભાંજે, નિત્ય કરૂં નમન શીતલ નાથ આજે,॥૧॥

## શ્રી શ્રેયાંસનાથ જિન ચૈત્યવંદન.

અચ્યુત કલ્પ થકી ચવ્યા, શ્રી શ્રેયાંસ જીણંદ; જેઠ અંધારી દિવસ છઠે, કરત બહુ આનંદ ॥૧॥ ફાગુણ વદી બારશે, જનમ દીક્ષા તસ તેરસ; કેવળી માહા અમાવસિ, દેશના ચંદન

રસ, ॥૨॥ વદિ શ્રાવણ ત્રીજે લહ્યા એ, શિવસુખ અખય અનંત; સફળ સમીહિત પુરણો, **નય** કહે એ ભગવંત. ॥૩॥

## શ્રી શ્રેયાંસનાથજીનું સ્તવન.

### પ્રભુની ચાકરીરે-એ દેશી.

શ્રી શ્રેયાંસની સેવનારે, સાહિબા મુજને વાલ્હી; જો પ્રભુને સેવિએરે, પ્રભુ દેખી હરખુ હિયેરે; સાહિબા જીમ ઘન દેખી મોર; પ્ર૦॥૧॥ અણિયાલી પ્રભુ આંખડીરે, સા૦ મુખ પુનમનો ચંદ. પ્ર૦ અહનિશે ઉભા ઓલગેરે, સા૦ જેહને ચોસઠ ઇંદ્ર પ્ર૦॥૨॥ ફૂલ પગર ઢીચણ સમારે સા૦ લહકે વૃક્ષ અશોક પ્ર. દિવ્યધ્વનિ પ્રભુ દેશનારે સા. મોહે ત્રિભુવન લોક, પ્ર૦ ॥૩॥ ચામર છત્ર સોહામણાંરે, સા. ભામંડલ મનોહાર, પ્ર.

વાજે દેવની દુંદુભીરે, સા. સિંહાસન સુખકાર પ્ર.॥૪॥ આપે શિવસુખ સંપદારે સા० પ્રભુશું પુરણ પ્રેમ, પ્ર. વિમલ વિજય ઉવજ્ઝયનોરે, સા. **રામવિજય** કહે એમ પ્ર०॥૫॥

## શ્રી શ્રેયાંસ જિન સ્તુતિ.

છાયા કરે તરૂ અશોક સદૈવ સારી, વૃક્ષો સુગંધ શુભ શીતળ શ્રેયકારી; પચ્ચીસ જોયણ લગે નહિ આધિ વ્યાધિ, શ્રેયાંસનાથ તુમ સેવનથી સમાધિ.॥૧॥

## શ્રી વાસુપૂજ્ય જિન ચૈત્યવંદન.

પ્રાણતથી ઈહાં આવિયા, જયેષ્ટ શુદિ નવમી; જનમ્યા ફાગુણ ચૌદસી, અમાવાસી સંજમી, ॥૧॥ મહા સુદી બીજે કેવળી, ચૌદશ આષાઢી; શુદિ શિવ પામ્યા કર્મ કષ્ટ, સવિ દૂરે કાઢી.

॥૨॥ વાસુપૂજ્ય જિન બારમા એ, વિદ્રુમ રંગે કાય; **શ્રી નયવિમળ** કહે ઇસ્યું; જિન નમતા સુખ થાય. ॥૩॥

## શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન.

ઉંચો ગઢ ગિરનારીકોરે, મનમોહનાનેમ. એ દેશી.

શ્રી વાસુપૂજ્ય જીણંદજી રે દિલ રંજના હો લાલ, મુજ મન વાધ્યો રંગ હો દુઃખ ભંજના હો લાલ, ચાહુના હું નિશ દિનેરે દિ. તુજ ગુણ ગંગ તરંગહો દુ૦ ॥૧॥ જે સંગિ જગ સંગનારે દિ. તેહ શું કહો સંગહો દુ. ત્રિભુવન હેમની મુદ્રડી રે દિ. તું તો અમુલખ નંગ હો દુ૦ બાંહ ગ્રહી મુજ બાલને રે દિ૦ રાખો નિજ ઉછંગ હો દુ૦ મોહ સરીખા રાજવી રે દિ૦ જે મન મંડે

જંગહો દુ૦ ॥૩॥ વાતડીઆં સમજાવિયો રે દિ. સમજે કિમ એ કંગ હો દુ. અટકયો તે નવી ઉભગે રે દિ. માનસ ધવલ વિહંગ હો દુ૦ ॥૪॥ ભકતી વસે લેશું અમેરે દિ૦ પ્રભુ તુમ પદવી ચંગ હો દુ૦ હું વાચક વિમલના **રામને** રે દિ૦ પ્રભુ શું પ્રેમ અભંગહો દુ૦ ॥૫॥

## શ્રી વાસુપૂજ્ય જિન સ્તુતિ.

સ્વપ્નો ચતુર્દશ લહે જિનરાજ માતા, માતંગ ને વૃષભ સિંહ સુલક્ષ્મીદાતા; નિર્ધૂમ અગ્નિ શુભ છેવટ દેખિને તે, વાસુપૂજ્ય પ્રભુતા-શુભ સ્વપ્નથી તેં ॥૧॥

## શ્રી વિમળનાથ જીન ચૈત્યવંદન

અઠ્ઠમ કલ્પથી ચવ્યા, માધવ શુદિ બારશ; સુદિ માહાત્રીજે જણ્યા, તસ ચોથે વ્રત રસ; ॥૧॥

સુદિ પોષ છઠે લહ્યા, વર નિર્મલ કેવલ; વદિ સાતમ આષાઢની, પામ્યા પદ અવિચલ; ॥૨॥ વિમલ જિણેસર વંદિયે, **જ્ઞાન વિમલ** કરી ચિત્ત; તેરમા જીન નિત દિયે, પૂણ્ય પરિગલ વિત્ત ॥૩॥

## શ્રી વિમળનાથ જિન સ્તવન.

**નિત નવિ નિત નવિ નિત નવિરે, એ દેશી.**

મન વસી મન વસી મન વસીરે, પ્રભુજીની મુરતિ માહારે મન વસી રે; જીમ હંસા મન વાહજી ગંગ, જેમ ચતુર મન ચતુરનો સંગ, માહરે મન વસી રે, પ્રભુજીની મુરતી માહરે મન વસીરે; જીમ બાલક ને માત ઊછંગ, તિમ મુજને પ્રભુ સાથે રંગ રે; મા૦ ॥૧॥ મુખ સોહે પુનિમનો ચંદ; નેણ

કમલ દલ મોહે ઇંદ, મા૦ અધર જીસ્યા પર વસીલી લાલ, અધર સસી સમ દિપે ભાલ; મા૦ ॥૨॥ બાંહડી જાણે નાલ મૃણાલ, પ્રભુજી મેરો પરમ કૃપાલ, મા; જોતાં કો નહી પ્રભુજીની જોડ; પુરે ત્રિભવન કેરા કોડ મા૦ ॥૩॥ સાયરથી અધિકો ગંભીર; સેવ્યો આપે ભવનો તીર; મા૦ સેવે સુરનર કોડા કોડ; કરમ તણા મદ નાખે મોડ; મા૦ ॥૪॥ ભેટયો ભાવે વિમલ જીણંદ મુજ મન વાધ્યો પરમ આણંદ; મા૦ વિમલવિજય વાચકનો સીસ, **રામ** કહે મુજ પુરો જગીશ; મા૦ ॥૫॥

## શ્રી વિમળનાથ જિન સ્તુતિ.

જે પ્રાતિહાર્ય શુભ આઠ અશોક વૃક્ષે, વૃષ્ટિ કરે કુસુમથી સુરનાદ દક્ષે; બે ચામરો શુભ

સુખાસન ભાસ્કરો તે, છે છત્ર હે વિમલનાથ સુ દુંદુભી તે. ॥૧॥

## શ્રી અનંતનાથ જિન ચૈત્યવંદન.

પ્રાણત થકી ચવીયા ઈહાં, શ્રાવણ શુદી સાતમ; વૈશાખ વદી તેરશે, જનમ્યા ચૌદશે વ્રત. ॥૧॥ વદી વૈશાખી ચૌદશે, કેવલ પુણ પામ્યા; ચૈત્ર શુદી પંચમી દિને, શિવ વનિતા કામ્યા. ॥૨॥ અનંત જિનેશ્વર ચૌદમાએ, કીધા દુશ્મન અંત, જ્ઞાનવિમલ કહે નામથી, તેજ પ્રતાપ અનંત. ॥૩॥

## શ્રી અનંતનાથ જિન સ્તવન.

### પીઉડા વારૂજી રે લો. એ દેશી.

અરદાસ અમારી દિલમે ધારી સાંભળો રે લો, પ્રભુજી પ્રાણ પિયારા લો હિત નજરે નિહાલો

ટાળો મનનો આંમલોરે લો, પ્ર. જે પાલવ વલંગ્યા અલગા તે તો કિમ હુસેરેલો, પ્ર. આ સંગે હલિયા મલિયા તેતો ચાહસ્યે રે લો, પ્ર૦ ॥૧॥ મોટી ઠકુરાઈ વળી ચતુરાઈ તાહરી રે લો, પ્ર. દેખી સવિ શેખી વાધી દિલસા માહરીરે લો, તુમ પાખે બીજાશું તો દિલ ગોઠે નહિ રે લો. પ્ર. સુરતરૂને છોડી બાવલ સેવે કુણ કહી રે લો, પ્ર. ॥૨॥ જોવા તુજ દરિશણ ખિણ ખિણ તરસે આંખડી રે લો, પ્ર. હું ધ્યાઉ ઉડી આઉ પાઉ પાંખડી રે લો, સેવક ગુણ જોસ્યો પ્રસન્ન હોસ્યો તો સહિરે લો, પ્ર. પામીને અવસર મુજને વિસરસ્યો નહિ રે લો, પ્ર. ॥૩॥ જગ જનને તારો બિરૂદ તુમારો એ ખરો રે લો, પ્ર. તો માહારી વેળા આનાકાની કિમ કરો રે લો, પ્ર. સેવક

સંભાલો વાચા પાળો આપણી રે લો, પ્ર. તું જગનો નાયક પાયો મેં ધણી રે લો, પ્ર. ।।૪।। શિવનારી સારી મેલો તસ મેલાવડો રે લો, પ્ર. અવિગત પરમેસર અનંત જિનેશ્વર તું વડો રે લો, પ્ર. વિમલવિજય વાચકનો બાલક ઈમ ભણે રે લો, પ્ર. **રામવિજય** બહુ દોલત નામે તુમ તણે રે લો, પ્ર. ।।૫।।

## શ્રી અનંતનાથ જિન સ્તુતિ.

સંસ્થાન છે સમ સદા ચતુરસ્ત્ર તારૂં, સંઘેણુ વજ્રરૂષભાદિ દીપાવનારૂં; અજ્ઞાન ક્રોધ મદ મોહ હર્યા તમોએ, એવા અનંત પ્રભુને નમિએ અમોએ. ।।૧।।

## શ્રી ધર્મનાથ જિન ચૈત્યવંદન. *

વૈશાખી શુદી સાતમે, ચવીયા શ્રી ધર્મ; વિજય થકી મહા માસની, શુદી ત્રીજે જન્મ. ।।૧।।

તેરશ માહી ઉજલી, લીયે સંજમ ભાર;
પોશી પુનમે કેવલી, ગુણના ભંડાર; ॥૨॥ જેઠી
પાંચમ ઉજલીએ, શિવપદ પામ્યા જેહ, **નય**
કહે એ જિન પ્રણમતાં, વાધે ધર્મ સ્નેહ. ॥૩॥

## શ્રી ધર્મનાથ જિન સ્તવન.

### દેશી—મોતીડાની

ધરમ જીણંદ તુમે લાયક સ્વામી, મુજ સેવ-
કમાં પણ નહિ ખામી, સાહિબા રંગીલા હમારા;
મોહના રંગીલા. જુગતી જોડી મળી છે સારી,
જોજો હિયડે આપ વિચારી, સા. ॥૧॥
ભગત વછલ એ બિરૂદ તુમારો, ભગતી તણો
ગુણ અચલ અમારો; સા. તેહમાં કો વિવરો
કરી કલસ્યે, તો મુજ ગુણ અવચ્યમાં ભલશે,
સા. ॥૨॥ મુલ ગુણ તું નિરાગ કહાવે; તે

કિમ રાગ ભુવનમાં આવે, સા. વળી છોટે ઘટ મોટો ન માવે, તમે આણ્યો સહજ સભાવે. સા. ॥૩॥ અનુપમ અનુભવ રચના કીધી, ઈમ સાબાશી જગમાં લીધી, સા. અધીકુ ઓછુ અતિ આ સંગે, બોલ્યું ખમજ્યો પ્રેમ પ્રસંગે, સા૦ ॥૪॥ અમથી હોડી હુયે કીમ ભારી, આશ ધરૂ અમનેઠી તુમારી, સા. હું સેવક તું જગ વિશરામ, વાચકવિમલતણો કહે **રામ**, સા. ॥૫॥

## શ્રી ધર્મનાથ જિન સ્તુતિ.

જે કર્મવૈરિ અમને બહુ પીડનારા, તે કર્મથી પ્રભુ તમેજ મુકાવનારા, સંસાર સાગર થકી તમે તારનારા, શ્રી ધર્મનાથ પદ શાશ્વત આપનારા ॥૧॥

## શ્રી શાંતિનાથ જિન ચૈત્યવંદન.

ભાદ્રવ વદી સાતમ દિને, સર્વાર્થથી ચવીયા; વદી તેરશ જેઠે જણ્યા, દુઃખ દોહગ સમીયા. ॥૧॥ જેઠ ચૌદશ વદી દિને, લીયે સંજમ પ્રેમ; કેવળ ઉજ્વલ પોસની, નવમી દિન ખેમ; ॥૨॥ પંચમ ચક્રી પરવડાએ, સોલસમા જિનરાજ; જેઠ વદી તેરશે શિવ લહ્યા, **નય** કહે સારો કાજ. ॥૩॥

## શ્રી શાંતિનાથ જિન સ્તવન

મારો મુજરો લોને રાજ, સાહિબ શાંતિ સલુણા, અચિરાજીના નંદન તોરે, દારશન હેતે આવ્યો, સમકિત રીઝ કરોને સ્વામી, ભકિત ભેટણું લાવ્યો; મા, ॥ ૧ ॥ દુઃખભંજન છે બિરૂદ તુમારૂં, અમને આશા તુમારી,

તુમે નિરાગી થઈને છૂટો, શી ગતિ હોશે અમારી, મા. ॥ ૨ ॥ કહેશે લોક ન તાણી કહેવું, એવડું સ્વામી આગે, પણ બાલક જો બોલી ન જાણે, તો કેમ વ્હાલો લાગે. મા. ॥ ૩ ॥ મારે તો તું સમરથ સાહિબ, તો કિમ ઓછું માનું, ચિંતામણી જેણે ગાંઠે બાંધ્યું, તેહને કામ કિશ્યાનું. મા. ॥ ૪ ॥ અધ્યાતમ રવિ ઉગ્યો મુજ ઘટ, મોહતિમિર હર્યું જુગતે, વિમલવિજય વાચકનો સેવક, **રામ** કહે શુભ ભગતે. મા. ॥ ૫ ॥

## શ્રી શાંતિનાથ જિન સ્તુતિ

શ્રી વિશ્વસેન નૃપ નંદન દીવ્ય કાંતિ માતા સુભવ્ય અચિરા તસ પુત્ર શાંતિ, શ્રી મેઘના ભવ વિષે સુર એક આવી, પારેવા

સિંચનકનું સ્વરૂપા બનાવી. ॥ ૧ ॥ પારેવને અભય જીવિતદાન આપ્યું, પોતાતણું અતિ સુકોમળ માંસ કાપ્યું, તેવા મહા અભયદાનથી ગર્ભવાસે, મારી ઉપદ્રવ ભયંકર સર્વ નાસે. ॥ ૨ ॥ શ્રી તીર્થનાયક થયા વલી ચક્રવર્તિ, બન્ને લહી પદવિઓ ભવ એક વર્તિ, જે સાર્વભૌમ પદ પંચમ ભોગવીને, તે સોલમા જિન તણા ચરણે નમીને; ॥ ૩ ॥

## શ્રી કુંથનાથ જિન ચત્યવંદન.

શ્રાવણ વદી નવમી દિને, સર્વાર્થથી ચવીયા; વદી ચૌદશ વૈશાખની, જિન કુંથુ જણીયા, ॥ ૧ ॥ વદી પાંચમ વૈશાખ માસ, લીયે સંજમ ભાર, શુદી ત્રીજે ચૈત્રહ તણી, લહે કેવલ સાર. ॥ ૨ ॥ પડવા દિન વૈશાખની,

પામ્યા અવિચળ ઠામ; છઠા ચક્રી જયકરૂ, **જ્ઞાનવિમલ** સુખ ખાણ ॥ ૩ ॥

## શ્રી કુંથુનાથ જિન સ્તવન

**તુજ દરિશન દીઠું અમૃત મીઠું. એ દેશી.**

તુજ મુદ્રા સુંદર રૂપ પુરંદર મોહીયા, સાહિબજી, તુજ અંગે કોડિ ગમે ગુણ ગિરૂઆ સોહિયા, સાહેબજી, તુજ અમિય થકી પણ લાગે મીઠી વાણીરે, સાહિબજી; વિણ દોરી સાંકળ લીધું મનડું તાણીરે, સાહિબજી ॥ ૧ ॥

ખિણ ખિણ ગુણ ગાઉં પાઉં તો આરામરે, સાહિબજી; તુજ દરિશન પાખે ન ગમે બીજા કામરે, સાહિબજી, મુજ ર્‌હદય કમલ વચ્ચે વસિયું તાહરૂં નામરે, સાહિબજી. તુજ મૂરતિ ઉપર વારૂં તન મન દામરે, સાહિબજી. ॥ ૨ ॥

કરજોડી નિશદિન ઉભો રહું તુજ આગેરે, સાહિબજી તુજ મુખડું જોતાં ભૂખને તરસ ન લાગેરે, સાહિબજી; મેં ક્યાંહિ ન દીઠી જગમાં તાહરી જોડ રે, સાહિબજી; તુજ દીઠે પૂરણ પહોત્યા મનના કોડરે, સાહિબજી; ॥ ૩ ॥ મુજ ન ગમે નયણે દીઠા બીજા દેવરે, સાહિબજી. હવે ભવોભવ હોજો મુજને તાહરી સેવરે, સાહિબજી. તું પરમ પુરૂષ પરમેસર અકલ સરૂપરે, સાહિબજી. તુજ ચરણે પ્રણમે સુરનર કેરા ભૂપરે, સાહિબજી. ॥૪॥ તું કાપે ભવ-દુઃખ આપે પરમાનંદરે, સાહિબજી. બલિહારી તાહરી પ્રભુજી કુન્થુજિણંદરે, સાહિબજી. મનવંછિત ફળીયો મળીયો તું મુજ જામરે, સાહિબજી. ઈમ પભણે વાચક વિમલ વિજયનો રામરે, સાહિબજી. ॥ ૫ ॥

## શ્રી કુંથુનાથ જિન સ્તુતિ.

ચોરાશી લક્ષ ગજ અશ્વ રથે કરીને, છન્નુ કરોડ જન લશ્કર વિસ્તરીને, તેવી છતે અતિ સમૃદ્ધિ તજી ક્ષણીકે, શ્રી કુંથુનાથ જિન ચક્રિ થયા વિવેકે ॥ ૧ ॥

## શ્રી અરનાથ જિન ચૈત્યવંદન.

સર્વારિથથી આવીયા, ફાગણ વદી બીજે, માગશર શુદી દશમે જણ્યા, અરદેવ નમીજે; ॥ ૧ ॥ માગશર શુદી એકાદશી, સંયમ આદરીયો, કાર્ત્તિક ઉજ્જવલ બારશે, કેવલ ગુણ વરીયો. ॥ ૨ ॥ શુદી તેરશ માગશર તણીએ, શિવપદ લહે જિનનાથ, સત્તમ ચક્રીને નમું, **નય** કહે જોડી હાથ. ॥ ૩ ॥

# શ્રી અરનાથ જિન સ્તવન.

## સરોવરીયે ઝીલણ જાસ્યાંજી—એ દેશી

ગાસ્યાંજી ગાસ્યાંજી અમે ગાસ્યાંજી. મન રંગે જીન ગુણ ગાસ્યાંજી, અરનાથ તણા ગુણ ગાસ્યાંજી, દિલરંગે જીન ગુણ ગાસ્યાંજી. પ્રભુ મુખ પુરણચંદ સમોવડ, નિરખી નિરમળ થાસ્યાંજી, મ૦ જીન ગુણ સમરણ પાન સોપારી, સમકિત સુડી ખાસ્યાંજી. મ૦ ॥ ૧ ॥ સમતા સુંદરી સાથે સુરંગી, ગોઠડી અજબ બનાસ્યાંજી, જે ધુતારી તૃષ્ણા નારી, તેહસ્યું દિલ ન મિલાસ્યાંજી. મ૦ ॥ ૨ ॥ દુતી કુમતી જે માયા કેરી, તેહને તો સમજાસ્યાંજી, મ૦ લોભ ઠગારાને દિલ ચોરી, વાતડીએ ભરમાસ્યાંજી. મ૦ ॥ ૩ ॥ મોહ મહિપતિ જે મુજ વૈરી,

તેહસ્યું જગ જુડાસ્યાંજી, મ૦ જ્ઞાન :સરીખા ચોધ સખાઈ, કરીને દૂર કઢાંસ્યાંજી, મ૦ ॥૪॥ શિવ રાણીને વરવા હેતે, જોત નિશાન બજાસ્યાંજી,મ૦ વિમળવિજય ઉવજ્ઝાય પસાએ, **રામ** કહે સુખ પાસ્યાંજી; મ૦ ॥ ૫ ॥

## શ્રી અરનાથ જિન સ્તવન. બીજુ

### દેશી–ઝુંબખડાની

અનુપમ શ્રી અરનાથનોરે, પાયો મેં દીદાર; સાહિબ મનમાં વસ્યો; ચંદ્ર જીસ્યો મુખ ઉજળોરે, ઉજવલ ગુણ નહી પાર, સા. ॥૧॥ જગ જનનાં દિલ રીઝવેરે, તારે આણી હેત; સા. કો કહસ્યે વીતરાગનેરે, રાગ તણાં એ હેત; સા. ॥૨॥ તે તો તત્ત્વ મતિ નહીરે, ફોકટ પામે ખેદ; સા. ગિરૂઆ. સહજે ગુણ

કરેરે, તે નવિ જાણે ભેદ; સા. ॥૩॥ તાપ હરે જિમ ચંદ્રમારે, શીત હરે જીમ સુર; સા. ચિંતામણી દારિદ્ર હરેરે, આપે વાસ કપુર; સા. ॥૪॥ તેમ પ્રભુનો ગુણ સહજનોરે, જાણે જે ગુણ ગેહ; સા. વિમળવિજય ઉવજઝાયનોરે, **રામ** કહે ધરે નેહ. સા. ॥૫॥

## શ્રી અરનાથ જિન સ્તુતિ.

રત્નો ચતુર્દશ નિધાન ઉમંગકારી, બત્રીસ બદ્ધ નિત નાટક થાય ભારી; પદ્માનની સહસ ચોસઠ અંગનાઓ, તેવી તજી અરજિનેશ્વર સંપદાઓ. ॥૧॥

## શ્રી મલ્લિનાથ જિન ચૈત્યવંદન.

ચવ્યા જયંત વિમાનથી, ફાગણ વદી ચઉથ; માગશર શુદી ઈગ્યારશે, જન્મ્યા

નિગ્રંથ. ॥૧॥ જ્ઞાન લહ્યા એકણ દીને, કલ્યાણક તીન, ફાગણ સુદિ બારશે લહે, શિવ સદન અદીન. ॥૨॥ મલ્લિ જિનેશ્વર નીલડા, ઓગણીશમા જિનરાજ; અણપરણ્યા અણુભુપ-પદ, ભવજલ તરણ જહાજ. ॥૩॥

## શ્રી મલ્લિનાથ જિન સ્તવન.

**મેં જાણી તુમારી પ્રીત પરપંચ ગાળારે. એદેશી**

હવે જાણી મલ્લિ જિણંદ મેં, માયા તુમારી રે; તુમે કહવાઓ નીરાગ, જુઓને વિચારી રે, ॥૧॥ પ્રભુ તેહસ્યું તાહરી વાત, જે રહે તુજ વળગ્યા રે; તે મુળ ન પામે ઘાત, જે હોવે અળગા રે; ॥૨॥ તુમે કહવાઓ નિગ્રંથ તો, ત્રિભુવન કેરી રે; પ્રભુ કેમ ધરો ઠકુરાત, કહસ્યો સ્યું ફેરી રે. ॥૩॥ તુમે

વારો ચોરી નામ, જગત ચીત ચોરો રે; તુમે તારો જગના લોક, કરાવ્યો નિહોરો રે, ॥૪॥ પ્રભુ મોટા કેરી વાત, કહે કુણ જાણે રે; તુમે બોલો થોડો બોલ, ન ચુકો ટાણા રે. ॥૫॥ પ્રભુ તુજસ્યું માહરે પ્રીતિ, અભેદક જાગીરે, મ્હારા ભવ ભય કેરી આજ, ભાવઠ સહુ ભાગી રે. ॥૬॥ ગુરૂ વાચક વિમળનો **શીશ**, કહે ગુણ રાગે રે; ઈમ પરમ જગદીશ; મિલ્યો તું ભાગ્યે રે. ॥૭॥

## શ્રી મલ્લિનાથ જિન સ્તુતિ.

નિત્યે કરે કવલ ક્ષેપન કંઠ સુધી, ષટ્ મિત્રને તરણ કાજ નિપાઈ બુદ્ધિ; ઉદ્યાન મોહન ગૃહે રચી હેમ મૂર્તિ, મલ્લિજિનેશ પડિમા ઉપકાર કર્તિ. ॥૧॥

## શ્રી મુનિસુવ્રત જિન ચૈત્યવંદન.

અપરાજિતથી આવિયા, શ્રાવણ શુદિ પૂનમ; આઠમ જેઠ અંધારડી, થયો સુવ્રત જનમ. ॥૧॥ ફાગુણ શુદિ બારસે વ્રત, વદિ બારસે જ્ઞાન; ફાગુણનિ તેમ જેઠ નવમી, કૃષ્ણે નિર્વાણ. ॥૨॥ વર્ણશ્યામ ગુણ ઉજ્જલા, તિહુયણ કરે પ્રકાશઃ **જ્ઞાનવિમલ** જિનરાજના, સુરનર નાયક દાસ. ॥૩॥

## શ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

**ઘોડી તો આઈ થારા દેશમેં મારૂજી એ દેશી.**

મુનિસુવ્રતસ્યું મોહનિ, સાહિબજી; લાગી મુજ મન જોરહો. સામલડી સુરતિ મન મોહિઓ સા. વાલ્હીપણું પ્રભુથી નહી, સામ. કાલે જાની કોર હો, સામ. ॥૧॥ અમને

પુરણ પારખ્યું, સા. એ પ્રભુ અંગીકાર હો, સામ૦ દેખી દીલ બદલે નહી, સા. અમચા દોષ હજાર હો; સામ. ાા૨ાા નિરગુણ પણ બાહિ ગ્રહ્યા, સા. ગિરૂઆ છંડે કેમ હો; સામ. વિષધર કાળા કંઠમે; સા. રાખે ઈશ્વર જેમ હો. સામ. ાા૩ાા ગિરૂઆ સાથે ગોઠડી, સા૦ તે તો ગુણનો હેત હો. સામ૦ કરે ચંદન નિજ સારિખો, સા૦ જિમ તરૂઅરનો ખેત હો, સામ૦ ાા૪ાા જ્ઞાન દશા પરગટ થઈ; મુજ ઘટ મીલીયો ઈસહો, સામ૦ વિમળવિજય ઉવ-ઝાયનો; સા૦ **રામ** કહે શુભ શીશ હો, સામ૦ ાા૫ાા

## શ્રી મુનિસુવ્રત જિન સ્તુતિ.

નિસ્સંગદાંત ભગવંત અનંતજ્ઞાની, વિશ્વોપકાર કરૂણાનિધિ આત્મધ્યાની, પંચે-

દ્રિયો વશ કરી હણી કર્મ આઠે, વંદો જિનેંદ્ર મુનિસુવ્રત તેહ માટે૦ ॥૧॥

## શ્રી નમિનાથ જિન ચૈત્યવંદન.

આસો સુદિ પૂનમ દિને, પ્રાણતથી આયા; શ્રાવણ વદિ આઠમ દિને, નમિ જિનવર જાયા. ॥૧॥ વદિ નવમી આષાઢની, થયા તિહાં અણગાર; મૃગશિર સુદી ઇગ્યારસે, વર કેવલ ધાર. ॥૨॥ વદિ દશમી વૈશાખની એ, અખય અનંતા સુખ; **નય** કહે શ્રી જિન નામથી, નાસે દોહગ દુઃખ ॥૩॥

## શ્રી નમિનાથ જિન સ્તવન.

### લંકાના-રાજા એદેશી

શ્રી નમીનાથ મુજ મન વસ્યો રે; ગીરૂઓ ગુણની ખાણિરે; ત્રિભુવનનો રાજા, દીપે રે

જસ ચડત દિવાજા; ચઉદે રાજને છેહડે રે;
ઉંચો જેહનો ઠાણ રે; ત્રી. ॥૧॥ મુજરો કો
પાવે નહી રે; ઇંદ ચંદ નાગીંદ રે; ત્રી.
રાગે નજર ન મેળવે રે; તો કુણ જાણે છંદ
રે. ત્રી. ॥૨॥ તેહસ્યું મેં કરતાં કરી રે;
અચરજ વાળી વાત રે; ત્રી. ભગતી અપૂરવ
દોરીયે રે; આકરષ્યો ઈણ ભાત રે૦ ત્રી. ॥૩॥
ઉર મંદિર આવી કર્યો રે, અવિચળ વાસો
તેણે રે, ત્રી. મન મેલુ કીધો ખરો રે, જે
નવિ હોવે કેણ રે૦ ત્રી. ॥૪॥ ભવ જળનો
ભય મેટીયો રે, વાધ્યો અધિક ઉછંગ રે,
ત્રી. વિમળવિજય ઉવઝાયનો રે, **રામ** કહે
મન રંગ રે૦ ત્રી૦ ॥૫॥

## શ્રી નમિનાથ જિન સ્તુતિ

ઈન્દ્રો સુરો નરવરો મળી સર્વ સંગે, જન્માભિષેક સમયે અતિ ભક્તિ રંગે; વિદ્યા-ધરી સુરવરી શુભ શબ્દ રાગે, સંગીત, નાટક કરે નમિનાથ આગે૦ ॥૧॥

## શ્રી નેમિનાથ જિન ચૈત્યવંદન.

અપરાજિતથી આવિયા, કાર્તિક વદી બારસ; શ્રાવણ સુદિ પંચમી જણ્યા, યાદવ અવતંસ. ॥૧॥ શ્રાવણ શુદી છઠે સંજમી, આસો અમાવસ નાણ; શુદી આષાઢની આઠમે, શિવસુખ લહે રસાલ. ॥૨॥ અરિહનેમિ અણ-પરણીયાએ, રાજમતીના કંત; **જ્ઞાનવિમલ** ગુણ એહના, લોકોત્તર વૃત્તાંત. ॥૩॥

—

## શ્રી નેમિનાથ જિન સ્તવન.

[પરણ્યાથી માહરે પાડોશી સુજાણજો; જાતાંને વળતાં મનડુ રીઝવે જો. એ દેશી.]

સહિયાં મોરી સાહિબો નેમ મનાવોજો; દિલડુંને દાઝે પીઉ વીણ દીઠડેજો; દિલ મેલીને કીધો દુશ્મન દાવોજો; અબળાને બાળી યાદવ મીઠડે જો. ॥૧॥ કરતાં સ્યું જાણી પ્રીતિ સોહલી જો; દોહિલીને નિરખહતાં દીઠી નયણડે જો, સામળીઓ સાંભરતાં હિયડે સાલે જો; દુઃખ તે કહેતાં નાવે વયણડે જો. ॥૨॥ રહેશે દુનીયા માંહી વાત વદીતી જો, વાહલેજી કીધી છે એહવી રીતડી જો, શું જાણ્યું વિસરશે કિણુ અવતાર જો, તોડી જે યદુનાથે કાચી પ્રીતડી જો. ॥૩॥ મત કોઈને છાનો વેરી નેહ જો, લાગીને દુઃખ દેતો કહીયે એહવો

જો; નેહ તણાં દુઃખ જાણે તેહ જ છાતી જો, જે માંહિ વિચરે અવર ન તેહવો જો. ॥૪॥ નેમીસરને ધ્યાને રાજુલ નારી જો, મેલો મન ગમતો લહે શિવમંદિર જો, વિમલવિજય ઉવજ્ઝાય તણે શુભ શિષ્યે જો, **રામવિજય** સુખ સંપત્તિ પામી શુભ પરે જો. ॥૫॥

## શ્રી નેમિનાથ જિન સ્તુતિ.

રાજેમતી ગુણવતી સતી સૌમ્યકારી, તેને તમે તજિ થયા મહા બ્રહ્મચારી, પૂર્વે ભવે નવ લગે તુમે સ્નેહધારી, હે નેમિનાથ ભગવંત પરોપકારી. ॥૧॥

## શ્રી પાર્શ્વનાથ જિન ચૈત્યવંદન.

કૃષ્ણ ચોથ ચૈત્રહતણી, પ્રાણતથી આયા;
પોશ વદી દશમી જનમ, ત્રિભુવન સુખ પાયા.

॥૧॥ પોષવદિ ઇગ્યારશે, લહે મુનિવર પંથ, કમઠાસુર ઉપસર્ગનો ટાલ્યો પલીમંથ ॥૨॥ ચૈત્ર કૃષ્ણ ચોથહ દીને એ, **જ્ઞાનવિમલ** ગુણનુર; શ્રાવણ સુદી આઠમે લહ્યા, અવિચલ સુખ ભરપૂર. ॥૩॥

## શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

**ગાયો રે સિદ્ધાચલ મંડણ ધણી રે. દેશી.**

પ્રભુજી પાસ જીણંદ તાહરી રે, મુદ્રા અભિનવ મોહની રે, એહવી દુનિયાં માંહિ બીજી રે, દીઠી મેં નાહી કોઇની રે, કામણગારી તુજ કીકી રે, જોવા ખીણ ખીણ ઉલસી રે; ॥૧॥ તુજ દીઠે સુખ હોય, તે કુણ જાણે કહો વિણ કેવલી રે, એહ જ મુજ અરદાસ; ચરણે રે રાખો શું કહીયે વળી

રે. ॥૩॥ શરણે રાખી નાગ, તે તો રે કીધો નાગ ધણી રે, કમઠ તણા અપરાધ બહુલા રે, તું રૂઠયો નહી તે ભણી રે. ॥૩॥ દેઈ વરસીદાન, જગના જન સઘળા સુખીયા કર્યા રે, એહવા બહુ અવદાત તાહરે ત્રિભુવન માંહિ વિસ્તર્યા રે. ॥૪॥ તો મુજને પરવાહ સ્યાની રે, જે પોતે બાંહિ ગ્રહો રે, તુજ ભક્તિ લયલીન એહજ રે, શિવ મારગ મેં સદહો રે. ॥૫॥ ધનધન વામામાત જેહનીરે; કુખે તું પ્રભુ અવતર્યો રે, વિમલવિજય ઉવજઝાય શિષ્ય રે, **રામ** જનમ સફલ કર્યો રે. ॥૬॥

## શ્રી પાર્શ્વનાથ જિન સ્તુતિ.

સમેત શૈલ શિખરે પ્રભુ પાર્શ્વ સોહે, શંખેશ્વરા અમીઝરા કલિકુંડ મોહે; શ્રી

અશ્વસેન કુલ દીપક માતુ વામા, નિત્યે અચિંત્ય મહિમા પ્રભુ પાર્શ્વનામા. ॥૧॥

## શ્રી વર્ધમાન જિન ચૈત્યવંદન.

સુદિ આષાઢ છઠ્ઠ દિવસે, પ્રાણતથી ચવિયા. તેરસ ચૈત્રહ શુદી દિને, ત્રિશલાએ જણીયા. ॥૧॥ મૃગશિર વદિ દશમી દિને, આપે સંયમ આરાધે. શુદિ દશમી વૈશાખની, વર કેવલ સાધે૦ ॥૨॥ કાતિ કૃષ્ણ અમાવસીએ, શિવગતિ કરે ઉદ્યોત; **જ્ઞાનવિમલ** ગૌતમ લહે, પર્વ દીપોત્સવ હોત૦ ॥૩॥

## શ્રી મહાવીર જિન સ્તવન.

**ભરત નૃપ ભાવસ્યુ એ. એ દેશી,**

આજ સફલ દિન માહરોએ ભેટયો વીર જીણંદ કે; ત્રીભોવનનો ધણીએ૦ ત્રિસલા

રાણીનો નંદ કે, જગ ચીંતામણી એ (૧) દુખ દોહગ દૂરે ટલ્યાંએ, પેખી પ્રભુ મુખ ચંદ કે, ત્રી, રિદ્ધિ વૃદ્ધિ સુખ સંપદાએ, ઉલટ અંગ ન માય કે૦ ત્રી, (૨) ચીંતામણી મુજ કર ચઢયું એ, પાયો ત્રિભુવન રાજ કે, ત્રી૦ મુહ માગ્યા પાસા ઢલ્યાએ, સિદ્ધા વંછિત કાજકે ત્રી. ॥૩॥ ચિત ચાહ્યા સાજન મિલ્યાએ, દુરજન ઉડયા વાયકે. ત્રિ. સોમ નજર પ્રભુની લહીએ, જેહવી સુરતરૂ છાંયકે ત્રી૦ ॥૪॥ તેજ ઝલામલ દીપતોએ, ઉગ્યો સમકીત સુરકે. ત્રી૦ વિમલવિજય ઉવજઝાયનોએ, **રામ** લહે સુખ પુરકે૦ ત્રી૦ ॥૫॥

卐

## ઈતિ શ્રી રામવિજય કૃત ચોવીશી સંપૂર્ણ

## શ્રી મહાવીર જિન સ્તુતિ.

સિદ્ધાર્થરાય ત્રિસલા સુત નિત્યવંદો, આનંદકારક સદા ચરણારવિંદો; જે શાસનેશ્વર તણો ઉપકાર પામી, પૂજું પ્રભુ ચરણ શ્રી મહાવીર સ્વામી. ॥૧॥

## શ્રી મહાવીર જિન સ્તવન.

હું સાચો શિષ્ય તમારો પ્રભુજી ! પટો લખી દ્યો મેરો. એ આંકણી. લાવું લેખણુ લાવું શાહી, લાવું કાગળ સારો; મુક્તિ પુરીનું રાજ્ય લખાવું, મુજરો માનો મારો. હું-સાચો. ॥૧॥ સગાં સંબંધી સર્વ ત્યજીને, આપની સેવા કીની; માત્ર એટલી આશ પૂરીને, જિંદગી સોંપી દીની. હું. ॥૨॥ અનાર્ય

આર્દ્રક પાપી અર્જુન માળી ઉદાયી રાજા, શું કર્યું બાળક અઈમત્તે કે, આપ્યું શિવનું રાજ. હું૦ ॥૩॥ મંકાતી આદિ નૃપ પુત્રો, થાય સાતમો સિદ્ધ; તો શું હું પણ મુક્તિ ન પામું, મેં શી ભૂલ જ કીધ; હું૦ ॥૪॥ ગોશાળે લેશ્યાને મૂકી, આપને પીડા કીધ; બીજોરા પાક વહોરાવે રેવતી, તેને નિજ પદ દીધ. હું૦ ॥૫॥ ચંદનબાળા બાકુલ આપીને, ધરે મુક્તિનો તાજ; શ્રેણીક પત્ની ત્રેવીશ શિવપદ; ચૌદસો નારી સમાજ; હું ॥૬॥ અષ્ટાપદ પર્વત જઈ આવ્યા, પંદરસો અબધુત; તેને પણ તેં મોક્ષમાં સ્થાપ્યા; પ્રભુ ન્યાય અદ્ભુત. હું ॥૭॥ ગૌતમ ગણધર મહા મુનિવર, મોક્ષતાન લયલીન; શાંતિ પામે **વીર વચનથી,** દર્શન પાઠ અદીન૦ હું૦ ॥૮॥

# શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન.

પ્યારો પ્યારો રે, હો વ્હાલા મારા પાસ જિણંદ મને પ્યારો; તારો તારો રે, હો વ્હાલા મારા ભવનાં દુઃખડાં વારો૦ કાશીદેશ વાણારસી નગરી, અશ્વસેન કુલ સોહીયે રે, પાસ જિણંદા વામાનંદા મારા વ્હાલા, દેખત જન મન મોહીયે. પ્યારો૦ ॥૧॥ છપ્પન દિક્કુમારી વળી આવે, પ્રભુજીને હુલરાવે રે; થેઈ થેઈ નાચ કરે મારા વ્હાલા; હરખે જિન ગુણ ગાવે૦ પ્યારો૦ ॥૨॥ કમઠ હઠ ગાળ્યો પ્રભુ પાર્શ્વ, બળતો ઉગાર્યો ફણી નાગ રે; દીયો સાર નવકાર નાગકું, ધરણેન્દ્ર પદ પાયો. પ્યારો૦ ॥૩॥ દીક્ષા લઈ પ્રભુ કેવલ પાયો, સમવસરણમેં સુહાયો રે; દીયે મધુરી દેશના પ્રભુ, ચૌમુખ ધર્મ સુહાયો૦ પ્યારો૦ ॥૪॥ કર્મ ખપાવી

શિવપુર જાવે, અજરામર પદ પાવે રે; જ્ઞાન અમૃતરસ ફરસે મારા વ્હાલા, જ્યોતિસેં જ્યોતિ મિલાવે૦ પ્યારો૦ ॥૫॥

## શ્રી સમવસરણનું સ્તવન.

**દુહા :** સરસ્વતીને પ્રણમી કરી, વંદી સુગુરૂ પાય; સમોસરણ રચના કહું, સાંભળજો ચિત્ત લાય ॥ ૧ ॥ બેસે બારે પરખદા, સુણવા જિનવર વાણી; સમોસરણ રચના કરે, તે સુણજો ચિત્ત આણી ॥ ૨ ॥ દેવકૃત કરણીઅ છે, તીર્થંકરને એહ; આદિ અંત મધ્ય જેમ હોયે, રચના રચે તીમ તેહ૦ ॥૩॥ તીર્થંકર પદ જે લહે, પામે કેવલ જામ; સમોસરણ દેવ તવ કરે, ચલે સિંહાસન તામ્ ॥૪॥ અવધિ જ્ઞાને જખ જુએ, ઉપનું કેવલ નાણ; હરખ ધરી મનમેં વલી, રચે તે ઉત્તમ થાન૦ ॥૫॥

## ઢાલ ૧ લી

દેવ તણા આસન ચલે, જુએ અવધિ જ્ઞાને જામ, સુરાસુર આવે છે, વાયુ કુમાર યોજન લગે, ભૂમિ શોધે વાયુ પ્રમાણ, સુરા૦ ॥૧॥ મેઘ કુમાર લઘુ ધારથી, તીહાં સીંચી રજ હરંત, સુરા. અગર ઉંખેવે ચીહું દીશે, સોય અગ્નિકુમાર કરંત, સુરા૦ ॥૨॥ કુસુમ પગર સુંદર રચે, પાંચ વરણાં જાનુ પ્રમાણ; સુરા૦ મણીમય પીઠ રચે તરૂં, વ્યંતર સુર આવે જાણ૦ સુરા૦ ॥૩॥ ભુવનપતિ સુર ગઢ કરે, રૂપાનો કનક કોશીસ; સુરા૦ મણી કોશીસે દીપતો, મણીરતન પ્રકાશ૦ સુરા૦ ॥૪॥ સોનાનો ગઢ જોતીષી કરે, રતન તણો પ્રાકાર, સુરા૦ વૈમાનિક સુર ગઢ કરે, સોય આણી હર્ષ અપાર૦ સુરા૦ ॥૫॥

## ઢાલ બીજી

## નમો નમો મનક મહા મુનિ. એ દેશી.

ભીંત ઉંચી ગઢ ત્રિહુ તણી, પાંચસેં ધનુષ જગીશ રે; વિસ્તારે ધનુષ તેત્રીશ તે, આંગુલ અધીક બત્રીશ રે; ॥૧॥ ગઢે ગઢે અંતર જાણવો, ધનુષ સયાં વલી તેરરે; પ્રોલ પ્રવેશે પચાસ છે, ધનુષ ઇહાં નહિ ફેર રે, ગઢે. ॥૨॥ ચઉદશો ચાર પોલે કરી, તોરણ ત્રણ ત્રણ પોલ રે; પોલ રે પોલ પ્રવેશ પચાસને, આસન ચઉદસે સોલ રે, ગઢે૦ ॥૩॥ પાવડીઆ દશ સહસ તે, પહેલે ગઢે ઈમ હોય રે; બીજે ગઢે એમ પાંચ સહસ, ત્રીજે ગઢે ઈમ જોય રે, ગઢે૦ ॥૪॥ એક એક હાથ ઉંચો સહી, પાવડીયાંનો પ્રમાણો રે; ભૂમિ

થકી ગાઉ અઢી, ત્રણ ગઢ ઈમ જાણો રે, ગઢ૦ ॥૫॥ વૃક્ષ અશોક તરુ તલે, ભામંડલ તરણી સમાન રે; હેમ કલશ સુરવર રચે, ચરણ ઠવે તિણે થાન રે, ગઢ૦ ॥૬॥ પ્રતિ-રૂપ ત્રીહું દીશે થાપીયાં, પૂર્વ દીસે બેઠા દેવ રે; અનુક્રમે વાણી પ્રકાશતા, સુરનર સારે છે સેવ રે, ગઢ૦ ॥૭॥

## ઢાલ ત્રીજી

## રાત્રી ભોજન ત્રિવિધે ટાલો રે. એ દેશી.

સાધુ સાધવી સુરદેવી રે, પૂરવ દ્વારા એ કરે પ્રવેશી રે; જિનરાજ પાય વંદેશી રે, એ તો વાયુ કુણે જઈ બેસી રે ॥૧॥ વ્યંતર સુરી ભુવનને જોતિશી રે, પશ્ચિમ દ્વારે કરે પ્રવેશી રે; જિનરાજ પાય વંદેશી રે, એ

તો અગ્નિકુણે જઈ બેસી રે ॥૨॥ જ્યોતિષ સુર ભુવનના સ્વામી રે, વ્યંતર નારીના સ્વામી રે, એ તો ઉત્તર પોલે આવે રે, ઇશાને બેસી સોહાવે રે૦ ॥૩॥ વલી વૈમાનિક સુર રાય રે, નરનારી સવી પ્રણમે પાય રે; એ તો આવે દક્ષિણ બાર રે, નૈરૂત્ય કુણે બેસી સોહાય રે, ॥૪॥ બાર પરખદા એણી પરે જાણો રે, રખે કોઈ સંદેહ મન આણો રે; સાંભળવા સહુ જીવ આવે રે, તે પ્રાણી સમકિત પાવે રે, ॥૫॥

## ઢાલ ચોથી

## ચોપાઈની દેશી.

રતનગઢે પોલજ ચાર, થઈ રહ્યા સુરવર પ્રતીહાર, સુધર્મ દેવલોકના વાસી, વ્યંતર ભુવનપતિ જ્યોતીષી, ॥૧॥ રૂપાનો બીજો

પ્રાકાર, જયા વિજયા જીતા અપાર, સંચાર સંભાલે સૂરી પ્રતિહાર, ચીહું બારણે લહીએ જ સાર ॥૨॥ સોનાને ગઢે ચીહું દીસે જોય, તુંબરૂ ને ખટુંબરૂ હોય, પુરૂષ નામને અર્ચા-માલિ, સેવા કરે વિઘ્ન સર્વ ટાલિ૦ ॥૩॥

## ઢાલ પાંચમી

## જસધર હોય પ્રભુ પારણું એ દેશી.

જિનને બેસવા કારણે, કાંઈ દેવ છંદો સુર માંડે રે, કાંઇ છાંડે રે, આશાતના જિન રાજનીરે. ॥૧॥ સમોસરણથી બાહિરે, કાંઈ અતિ રમણિક તે સોહેરે, કાંઈ મોહેરે, જિન મુખ જોતાં માહરૂએ. ॥૨॥ બાર યોજન લગે સહુ કોય, પ્રભુજીને વાંદવા આવે રે; મન ભાવે રે, અતીશય મોટો જિનપતિ રે. ॥૩॥ રથ શીખ–

રે પહેલે ગઢે, કાંઈ ચઉપદ રહે છે બીજે રે, કાંઇ ત્રીજે રે, સુરનર બેસે યુકિતશુંએ. ॥૪॥ ચિહું દીશે ચાર જ પોલે, કાઈ જલ વાવડીયાં રૂડી રે, કાંઈ પુડી રે, પરીમલ કમલતણે ભરીએ. ॥૫॥ સમોસરણજ માંહિ, સુરનર કિન્નર આવે રે; કાંઈ કેવલી અંગ પખાલે રે; કાંઈ ટાલે રે, આશાતના જિનરાજની એ૦ ॥૬॥

## ઢાલ છઠ્ઠી

અહો અહો અદ્ભુત પુન્ય જ જાણી, સેવા કરે સુરનર મન આણી; રિદ્ધિ અનંતીનો પાર ન જાણું, સૂત્ર તણે અનુસાર વખાણું. ॥૧॥ ગોત્ર તીર્થંકરનું જબ બાંધ્યું, તપ કરીને પોતે પદ લાધ્યું; રાગ રહીતને

દોષ ન લાગે, જિનને સર્વે પાયે લાગે. ॥૨॥ સમોસરણના જે દોષ દેખાડે, તે બહુ ભવમાં આપ ભમાડે, માનવી હોયે બહુલ સંસારી, સૂત્ર અર્થ જો જો ચિત્ત ધારી. ॥૩॥ ત્રીજે અંગને પંચમ ઠાણે, અરિહંત આપો આપ વખાણે, રૂપ સૌભાગ્ય અનંત બલ સોહે, તેણે કરી ભવીજન મન મોહે. ॥૪॥

## કલશ :

ઈમ સમોસરણની કરી રચના, ભવનાં દુઃખ મિટાવવાં, જે ભણશે ગણશે વલી સાંભલશે, ભવની જાલ તે ટાલવા; જિન વાણી નીસુણી ધરે ચિત્ત ગુણી, પરમ સુખ તે પામવા; રૂપ સૌભાગ્ય તે ભણે એણી પરે, ધર્મ મંગલ ગાવવા. ॥૧॥

# શ્રી સિદ્ધ દંડિકા સ્તવન.

## દુહા

શ્રી રિસહેસર પાય નમી, પામી સુગુરૂ પસાય; સિદ્ધ તણા ગુણ ગાયવા, મુજ મન હર્ષ ન માય. ॥૧॥ તીર્થમાંહિ જિમ સિદ્ધગિરિ, દેવમાંહિ અરિહંત; પદમાં શિવપદ મોટકું. ઋષભનો વંશ કહંત. ॥૨॥ જેહના વંશમાં પાટવી, બહુલા મોક્ષે જાય, અથવા અનુત્તર પદ લહે, એક ભવી તે કહાય.॥૩॥

## ઢાલ પહેલી

## ભાઇ હવે માલ પહેરાવો-એ દેશી.

શ્રી ઋષભજી કેવલ પામ્યા, સુરનર આવી શિર નામ્યા; ભિન્ન મુહુર્તે શિવપદ લહીઓ, મરૂદેવાએ મારગ વહીઓ; ॥૪॥ આદિત્ય

જસા પ્રમુખ જે રાય, તે ઋષભવંશી કહેવાય; ચૌદલાખ ત્રીખંડના સ્વામી, પામ્યા શિવ તસ નમું શિરનામી. ॥૫॥ પછી પાટ જે એક ઉપન્ન, સરવારથ સિદ્ધ નિષ્પન્ન, ચૌદ લાખ પાટ શિવ જાય, પછે સરવારથ સુર થાય. ॥૬॥ ચૌદ લાખને અંતરે એમ, તિહાં લગે સુર કરજો પ્રેમ, તે એકેકા અસંખ્યાતા થાય, પછે ચૌદ લાખ શિવ જાય. ॥૭॥ પછે પાટ બે સરવારથે; ચૌદ લાખ શિવ જ છે; ઈમ તે બબે અસંખ્યાતા, ઈમ ત્રણ ત્રણ વ્યાખ્યાતા. ॥૮॥ ચાર ચાર અસંખ્યાતા કહીએ, ઈમ જાવ પચાસે લહીયે; નિજ રત્નત્રયીના ભોગી, થયા રૂપાતીત અયોગી. ॥૯॥

卐

## ઢાલ બીજી
## ॥ વિવાહલાની ॥ ઈમ પંચ વિદેહે —એ દેશી.

સરવારથ સિદ્ધે, ચૌદ લાખ હવે પાટ, પછે શિવ એક જાય, નહીં ત્રીજી જિહાં વાટ. ॥૧૦॥ ઇંમ શિવ એકેકા, અસંખ્યાતા થાય, પછે ચૌદ લાખ સુર, બે શિવ માંહી જાય. ॥૧૧॥ ઇંમ બે બે કરતાં, થાય અસં-ખ્યાતા તેહ, ઈત્યાદિ જાવત, હોય પચાસ શિવ જેહ ॥૧૨॥ ઈંમિ પચાસ પચાસ થાય, અસંખ્યની રાશી, લોકાલોક ભાસક, કેવલજ્ઞાન વિલાસી. ॥૧૩॥ હવે પાટ લાખ દોય, મોક્ષ તથા સુર થાય, ઈમ ત્રણ ચાર લાખ, ઉભય સરીખા થાય. ॥૧૪॥ ઇંમ લાખ અસંખ્યાતા, સુર

નિર્વાણે આખ્યા, સુર શબ્દે જાણે, અનુત્તર સુરમેં ભાખ્યા. ॥૧૫॥

## ઢાલ ત્રીજી.

## ભરતનૃપ ભાવશુંએ.—એ દેશી.

એક શિવેહોય દેવતાએ, ત્રણ શિવ ચાર સુર થાય, ઉત્તમ વંશ એહનો એ, પણ શિવ ખટ સુર જાય, નમો સિદ્ધ ભાવશુંએ. ॥૧૬॥ એક વધતે ઇંમ કીજીએએ, મોક્ષ સર્વારથ દેવ, થાયે બે અસંખ્યાતાએ, તિહાં લગે કરે નિતમેવ, ન૦ ॥૧૭॥ હવે એક શિવ ત્રણ દેવતાએ, પણ શિવ સગ સુર તામ, કરો બે બે વાધતાએ, જાવ અસંખ્ય હોય ઠામ, ન૦ ॥૧૮॥ પછે એક સુર ચાર દેવતાએ, સાત શિવે દશ દેવ, કરો ત્રણ વાધતાએ, અસંખ્ય

હોય હોય હેવ, ન૦ ॥૧૯॥ હવે વિષમોત્તર શ્રેણિ છે એ, સુણો સરુપ તુમે તાસ, માંડી એક પાટલો એ, થાપના કરીએ ખાસ, નમો૦ ॥૨૦॥ હેઠલ ઉપર જાણીએ એ, ત્રગડા ઓગણત્રીશ સાર, અનુક્રમે માંડીએ એ, નથી ખેપ આદી ઠામ; નમો૦ ॥૨૧॥ દુગ પણ નવ તેર સતર સાંએ, બાવીશ ષટ્ અડ બાર, ॥ ચઉદ અઠ્ઠાવીશ વલીએ, છવીશ પચવીશ સાર, ન૦ ॥૨૨॥ એકાદશ ત્રેવીશ વલીએ, સડતાલીશ સીત્તર, સીત્તોતેર ઈગ દુગ એ, સત્યાસી ઈકોતેર, ન૦ ॥૨૩॥છાસઠ ઓગણો તેર ભલાએ, ચોવીશ છેંતાલીશ, ,વલી શત મૂકીએ એ, તિમ વલી ભેલો છવીશ, ન૦ ॥૨૪॥ ઇંમ ભેલ્યાથી એકાંતરે એ, મોક્ષ સર્વારથ જાય,

અનુક્રમે લીજીએ એ, નિજ ગુણ ભોક્તા થાય, નમો૦ ાા૨૫ાા

## ઢાલ ચોથી

## રાગ ઈગવીશાનો.

ઈંમ કરતારે, ત્રણ શિવે પાંચ દેવતા, અડસિદ્ધેરે, બાર વિમાનને સેવતા, ઇંમ યાવતરે, શતઉત્તર ત્રણ સુર થયા, ઓગણત્રીશરે, પાટ ઉત્તમ શિવમાં ગયા. ાા૨૬ાા (ત્રુટક) ગયા શિવમાં એમ માંડો, ઓગણત્રીશ ઉરધ અધો, અંક ભેલો પૂર્વની પરે, દેવ શિવ મારગ સધો. ાા૨૭ાા ઇંમિ જાણોરે, અંક અંત આવે હવે; તેહ દંડિકારે, આગલમાં આદિ ઠવે, પહેલે અંકેરે, પહેલી દંડિકાએ સિદ્ધ કરો; બીજી દંડિકારે, પ્રથમ અંક સુરમાં

ધરો. ॥૨૮॥ (ત્રુટક) ધરો સુરમાં એહ અનુક્રમ, ધરો ગુરુ પાસે સહી, અજીતસ્વામી તાત જાવત, ઉપજે તિહાં લગે કહી. ॥૨૯॥ અસંખ્યાતી, રે, કોડિ લાખ ઇમ દંડિકા; સિદ્ધને વલીરે, સર્વારિથ અખંડિકા, ઇમ પ્રકરણુરે, સિદ્ધદંડિકામાં કહ્યું, નંદિસૂત્રનીરે, વૃત્તિમાંહિ પણ ઇમિ લહ્યું. ॥૩૦॥ (ત્રુટક) ઇમિ લહ્યું વૃત્તિમાં ગુરૂ પાસે, પામી અર્થને ભાખીયો, સ્વપરને પ્રકાશ હેતે, સ્તવન કરી ચિત્ત રાખીયો. ॥૩૧॥ શાશ્વત સુખરે, જ્ઞાન દર્શનમાંહિ રમે; ફરી ભવમાંરે, સિદ્ધ થયા તે નવિ ભમે, જેહનું સુખરે, મુખથી કહીયે કેટલું; ઉપમા વિણુરે, શું કહીએ દાખ્યું એટલું. ॥૩૨॥ (ત્રુટક) એટલું અજર અમર નિરમમ,

જાસ જ્યોતિ પરગટ થઈ; સિદ્ધ પરમ સ્મૃદ્ધિ પામ્યા, ભવ ઉપાધિ દૂરે ગઈ. ॥૩૩॥

## ઢાલ પાંચમી

## રાગ ધન્યાશ્રી.

ગાયા ગાયા રે, મેં સિદ્ધ સ્વરૂપી ગાયા. સિદ્ધ તણાં ગુણ સ્તવના કરતાં, આનંદ અંગ ન માયો; નવિ દેહે નવિ ગેહે જેહે, ત્રણ ભુવન પથરાયારે, મેં૦ ॥૩૪॥ સિદ્ધ તણી સ્તવના કરતાં માનું, આપ હી સિદ્ધ સુખ પાયા, સમકિતવંતની સરધામાંએ, મુનિવર પણ જસ ધ્યાયા રે, મેં૦ ॥૩૫॥ કેવલજ્ઞાની ક્ષણ ક્ષણ નિરખે, તે સુખ મુજ મન ભાયા, દ્યો સુખ મુજને તે પરમાતમ, પુદ્ગલાતીત ઠરાયારે, મેં૦ ॥૩૬॥ ક્ષમાવિજય જિન પાસ

પ્રભાવે, ગુરૂ ઉત્તમ સુખદાયા, સંવત સત અષ્ટાદશ ચૌદે, હર્ષ કલ્લોલ ભરાયારે. મેં૦ ॥૩૭॥ વિજયધર્મ સૂરીશ્વર રાજ્યે, સુરત ચોમાસું ઠાયા; શિષ્ય ઉત્તમ ગુરૂ કેરો ગાવે, પદ્મવિજય જિનરાયારે, મેં૦ ॥૩૮॥

## શ્રી દીવાલીનું ચૈત્યવંદન.

મગધદેશ પાવાપુરી, પ્રભુ વીર પધાર્યા; સોળ પહોર દીએ દેશના, ભવીક જીવને તાર્યા. ॥૧॥ ભુપ અઢાર ભાવે સુણે, અમૃત જીસી વાણી; દેશના દીયે રયણીએ, પરણ્યા શિવ-રાણી. ॥૨॥ રાય ઉઠી દીવા કરે, અજવાલાને હેતે; અમાવાસ્યા તે કહી; તે દીન દીવા કીજે. ॥૩॥ મેરૂ થકી આવ્યા ઈંદ્ર, હાથે લેઈ દીવી; મેરાઈયા દીન સફળ ગ્રહી, લોક કહે સવી

જીવી. ॥૪॥ કલ્યાણક જાણી કરી, દીવા તે કીજે; જાપ જપો જીનરાજનો, પાતીક સવી સીજે. ॥૫॥ બીજે દીન ગૌતમ સુણી, પામ્યા કેવળ જ્ઞાન; બાર સહસ ગુણણુ ગુણો, ઘેર હોસ્યે કોડ કલ્યાણ. ॥૬॥ સુર નર કીન્નર સહુ મીલી, ગૌતમને આપે; ભટ્ટારક પદવી દીયે, સહુ સાખે થાયે. ॥૭॥ જુહાર ભટ્ટારક થકી, લોક કરે જુહાર; બેની ભાઈ જમાડીયા, નંદીવર્ધન સાર. ॥૮॥ ભાઈ બીજ તીહાં થકી, વીર તણો અધિકાર; જયવિજય ગુરૂ સંપદા, મુજને દીયો મનોહાર. ॥૯॥

## શ્રી દીવાલીનું ચૈત્યવંદન.

અમાવાસ્યા તિથિ સેવિયે, જિહાં દીવાલી પ્રગટી, તેહના આરાધન થકી, વિઘનની કોટી

ઘટી. ॥૧॥ અમાવાસ્યા દિવસે વલી, કાર્તિક વદની જેહ, શ્રી મહાવીર જિણંદજી, પહોંચ્યા નટ શિવ ગેહ. ॥૨॥ અમાવાસ્યા મહાવદ તણી, કેવલ શ્રેયાંસ; અમાવાસ્યા ફાગણ વદી, વ્રત વાસુપૂજ્ય જિનેશ. ॥૩॥ આસો માસ તણી વલી, અમાવાસ્યા દિન જાણ; નેમિનાથ બાવીસમાં, પ્રગટ્યું કેવલ નાણ. ॥૪॥ એમ તિથિ આરાધતાં એ. દીવાલી દિન સાર; દાન દયા સૌભાગ્યથી, **મુક્તિવિમલ** શ્રીકાર. ॥૫॥

## શ્રી શાંતિજીન થોય. પહેલી

ગજપુર અવતારા, વિશ્વસેન કુમારા, અવનિતળે ઉદારા. ચક્કવી લચ્છી ધારા, પ્રતિ દિવસ સવાયા, સેવીએ શાંતિસારા, ભવજલધિ અપારા, પામીએ જેમ પારા. ॥૧॥ જિન ગુણ જસ મલ્લિ, વાસના વિશ્વવલ્લી, મન સદન

ચ સલિલ, **માનવંતી** નિસલ્લી, સકળ કુશલ-વલ્લી, ફૂલડે વેગ ફૂલી; દુર્ગતિ તસ ડૂલી, તાસદા શ્રી બહુલી. ॥૨॥ જિન કથિત વિશાળા, સુત્ર શ્રેણીરસાળા; સકળ સુખ મુખાળા, મેળવા મુકિત માળા, પ્રવચન પદ માળા, દુતિકાએ દયાળા, ઊર ધરી સુકુમાળા; મુકીએ મોહ-જાળા. ॥૩॥ અતિ ચપળ વખાણી, સૂત્રમાં જે પ્રમાણી, ભગવતી બ્રહ્માણી, વિઘ્ન હંતા નિર્વાણી, જિનપદ લપટાણી, કોડી કલ્યાણ ખાણી, **ઉદયરત્ને** જાણી, સુખદાતા સયાણી. ॥૪॥

## શ્રી શાંતિનાથ જીન થોય. બીજી.

શાંતિ જિનેસર જગ અલવેસર, અચીરા ઉદર અવતરીયાજી; વિશ્વસેન નૃપ નંદન જગ ગુરૂ, હથીણાપુર સુખ કરીયાજી, ઇતિ

ઉપદ્રવ મારી વીકારી, શાંતિકર સંચરીયાજી;
જે ભવી મંગલ કારણ ધ્યાવે, તે હોય ગુણ
ગણ દરીયાજી. ॥૧॥ વર્તમાન જીન સબ
સુખકારણ, અતીત અનાગત વંદોજી, બારે
ચક્રી નવ નારાયણ, નવ પ્રતી ચક્રી આનં-
દોજી, રામાદિક જે પુરૂષ સલાકા, વંદત
પાપ નિકંદોજી, દ્રવ્ય નિક્ષેપે જિન સમ જાણો,
કાટે ભવ ભય છંદોજી૦ ॥૨॥ અંગ ઉપાંગે
જિનવર પ્રતિમા, શ્રી જીન સરખી ભાંખીજી,
દ્રવ્ય ભાવ બેહુ ભેદે પૂજો, મહાનિશીથે
સાંખીજી, વિષય નીવૃત્તિ સત આરંભે, વિનય
તપી તે જાણોજી, શુભ યોગે નહી આરંભ
કારી, ભગવઈ અંગ પ્રમાણોજી૦॥૩॥ થાપના
સત્યે દેવી નિર્વાણી. શ્રી સંઘને સુખકારીજી,
કારણથી સબ કારજ સીજે, જિનવર આજ્ઞા

ધારીજી, શ્રી જીન કીર્તિસૂરીવર ગણપતિ પાઠક શ્રી રૂધી સારીજી, સમકિત ધારી દેવી સખાઈ, સુખ સંપત દાતારીજી૦ ॥૪॥

## શ્રીશાંતિનાથ જીન સ્તવન.

શ્રી જિન શાંતિ પ્રભુ પરમાત્મારે, વહાલા રાણી અચિરાનાનંદ, રસીયા વસીયા પ્રભુજી અમ અંતરે રે; સોવનવર્ણી આંગીયો દીસે ઘણીરે, તકતા હાંડી ઝુમર ઝળકે ઝાકઝમાલ; રસીયા૦ ॥૧॥ સાખી૦ મોટા દેરાસર માંહિ, પ્રથમ શાંતિજિણંદ; સુમતિ ચોમુખ વંદિયે, વાણી અતિ ઉમંગ, સખીઓ આંગીઓ ખીલી છે વિધ વિધ ભાતનીરે, ખમીસ કબજા જાકીટ જાતે જાત, રસીયા વસીયા૦ ॥૨॥ સાખી૦ અચિરા કુખે અવતર્યા, વિશ્વસેન કુલચંદ, ગગને તારા ઝળકીયા, જેમ પ્રગટ્યો નવરંગ.

મોગરો કુલેલ ગુલાબ કેગુલ દાબડીરે, કેવડો રંગમંડપમાં હ્લેકી મ્હેકી જાય. રસીયા વસીયા૦ ॥૩॥ સાખી૦ બાંહે બાજુબંધ બેરખા, ગળે મોતનકો હાર, કાનેકુંડલ ઝળકીયા, ચંદ્રતેજ એકતાર, હરખે આંગીઓ રચાવે નર ને નારી-ઓરે, તેજે ઝલકે મલકે ચુનીઓ અપાર. રસીયા વસીયા૦ ॥૪॥ સાખી૦ સ્મરણ કરૂં શ્રી શાંતિનાથનું, મંત્ર જપુ નવકાર, **ધીર વિમલ** કહે જાણજો, ઉતારે ભવપાર. સિદ્ધાચલ ઉપર આદીશ્વર શોભે ઘણારે, તેમના દેશવિદેશ ગુણ ગવાય. રસીયા વસીયા૦ ॥૫॥

## શ્રી સર્વજીનનું ચૈત્યવંદન.

સીમંધર પ્રમુખ નમુ, વિહરમાન જીન વીશ; રૂષભાદિક વલી વંદિયે, સંપ્રતિ જીન ચોવિશ. ॥૧॥ સિદ્ધાચલ ગીરનાર આબુ,

અષ્ટાપદ વલી સાર; સમેત શીખરએ પંચતિર્થ, પંચમી ગતિ દાતાર. ॥૨॥ ઉર્દ્ધ લોકે જીનવર નમું, તે ચોરાસી લાખ; સહસ સત્તાણું ઉપરે, ત્રેવીશ જીનવર ભાખ. ॥૩॥ એકસો બાવન કોડી વલી, લાખ ચોરાણું સાર, સહસ ચુમાલીસ સાતસેં, સાઠ જીન પડિમા ઉદાર. ॥૪॥ અધો-લોકે જિન ભુવન નમું, સાતકોડ બહોંતેર લાખ; તેરશેં કોડ નેવ્યાશી કોડ, સાઠલાખ ચિતરાખ. ॥૫॥ વ્યંતર જ્યોતિષીમાં વલી, એ જીનભુવન અપાર, તે ભવી નિતવંદન કરો, જેમ પામો ભવપાર. ॥૬॥ તીર્ચ્છાલોકે શાશ્વતા, શ્રી જીનભુવન વિશાલ, બત્રીસેંને ઓગણ સાઠ, વંદું થઈ ઉજમાલ. ॥૭॥ લાખત્રણ એકાણું હજાર, ત્રણશેં વીશ મનો-હાર; જીન પડીમાએ શાસ્વતી નિત્ય નિત્ય

કરૂં જુહાર. ॥૮॥ ત્રણ ભુવનમાંહે વલી, એ નામાદિક જીનસાર; સિદ્ધ અનંતા વંદિએ, મહોદય પદ દાતાર. ॥૯॥

## શ્રી નેમ રાજુલનું સ્તવન.

**આતમ રામ મુનિરાજીયા, ભવજળ તારણ નાવ; મોરી સહીયો રે, એ દેશી.**

ચંપકવર્ણી ચુંદડી હો સાહિબા, જઈ રહ્યા ગઢગિરનાર રે, કેશરીયા નેમજી આવજો, મંદિર માહરે હો નેમજી આ૦ કેણે દીની કેણે સુલવી હો સા૦, કોણે ખરચ્ચો દ્રવ્યરે કે૦ કૃષ્ણે દીની વાસુદેવે મુલવી હો સા૦ નેમજીએ ખરચ્ચો દ્રવ્યરે કે૦ ॥૧॥ નેમજી તોરણ આવીયા હો સા૦ પશુડે કીધો પોકારરે કે૦ રાજુલની સહિયરો માંહિ હો સા૦ અહો શ્રી રાજુલને કાળો ભરતારરે, કે૦ ॥૨॥ કાળા તે

ભમર હાથિઆ હો સા૦ કાળા વરસે મેહરે કે૦ કાળી કસ્તુરી કમકમે હો સા૦ કાળી કાજળ રેખરે, કે૦ ॥૩॥ નેમજી તે સાલાને પુછીયું હો સા૦ માંડવે આવડો શો સોરરે, કે૦ રાતે તે રાજુલબેની પરણશે હો સા૦ પ્રભાતે ગૌરવ દેશેરે, કે૦ ॥૪॥ ધિક પડીયું આ પરણવું હો સા૦ શલ્ય વડો સંસાર રે કે૦ નેમજીએ તાળા તોડાવીયા હો સા૦ છોડાવ્યા પશુઓના બંધરે કે૦ ॥૫॥ ખડ ખાઓ પાણી પીઓ હો સા૦ જંગલ કરો તુમે વાસરે કે૦ નેમજીએ રથ તિહાંથી ફેરવ્યો હો સા૦ જઈ રહ્યા ગઢગિરનારરે કે૦ ॥૬॥ તાપે તે વેલુ ધગધગે હો સા૦ રાજુલ વિલાપ કરતી જાયરે કે૦ વળી વળી રાજુલ બીહતી હો સા૦ કોપ્યા કાંહો નેમજી ભલો ભરતાર રે કે૦ ॥૭॥ આ

ભવ પરભવ આખડી હો સા૦ આ ભવ એ ભરતારરે કે૦ રાંધ્યામાં શું રાધવું હો સા૦ તેહમાં શો છે સ્વાદ રે કે૦ ॥૮॥ જમ્યા પછી શું જમવું હો સા૦ તેહમાં કીસો સત્કાર રે કે૦ ॥ નેમજી અને રાજુલમાં હો સા૦ સાબા-સને શૂરવીર રે કે૦ ॥૯॥ રાજુલ તમારા કાપડા હો સા૦ સીવડાવ્યાં આદિત મંગળવાર રે કે૦ નથી પહેર્યાં નથી પહેરશું હો સા૦ ટાંકા તો પારાવાર રે કે૦ ॥૧૦॥ ડુંગર ઉપર ડુંગરીઓ હો સા૦ સોની વસે લખચાર રે કે૦ ઘડયા નેમજીના બેરાખા હો સા૦ ઘડયા રાજુલના હાર રે કે૦ ॥૧૧॥ ડુંગર ઉપર ડુંગરી હો સા૦ રંગરેચ વસે લખચાર રે કે૦ તે નેમજીનાં મૂલવ્યા હો સા૦ રંગ્યા રાજુલના ઘાટ હો કે૦ રાજુલ મુગતે પધારીયા હો સા૦ **જ્ઞાનવિમલ** ગુણ ગાયે રે કે૦ ॥૧૨॥

# શ્રીનેમ રાજુલનો માંડવો.

## ક્રોડ ઉપાય કરી ચુકી. એ દેશી.

સરસ્વતી સ્વામીને વીનવું, મોતીવાળા જીનવરજી, સદગુરૂ લાગું પાય; મારા વાર્યા ન વર્યા રે જીનવરજી; માધવ પુરનો માંડવો, મોતીવારા જીનવરજી; સીધપુરના સીરદાર; મારા વાર્યા ન વર્યા રે જીનવરજી૦ ॥૧॥ કોણે તે લખી કંકોતરી, મોતીવારા જીનવરજી, કોણે રાંધ્યો કંસાર, મારા વાર્યા ન વર્યા રે જીનવરજી; ઉગ્રસેન લખી કંકોતરી મોતીવારા જીનવરજી; રૂખમણીએ રાંધ્યો કંસાર; મારા વાર્યા ન વર્યા રે જીનવરજી; ॥૨॥ પશ્ચિમથી આવ્યાં પાન બીડલાં, મોતી; ગીરનારથી આવ્યા નારીએળ; મારા, રાજુલ તે બેઠી મેડીએ, મોતી, જુવે છે જાનની વાટ, મારા.

॥૩॥ કઈ દીશાથી જાન આવશે, મોતી. ઉડે છે અબીલ ગુલાલ, મારા. રાજુલ તે સહિયર ને વિનવે મોતી; વીવામાં હોસે વીઘન, મારા ॥૪॥ છપન્ન કોટી જાદવ મલ્યા, મોતી, સત્યભામા ગાય છે ગીત, મારા. નેમજી તે તોરણ આવીયા મોતી; પશુડાંએ કર્યો પોકાર, મારા ॥૫॥ નેમજીએ શાળા તેડાવીયા, મોતી; માંડવે આવડો સો સોર, મારા. રાતે રાજુલબેની પરણશે મોતી, પરભાતે ગોરવ દેવાય, મારા. ॥૬॥ જાઓ પંખી પાણી પીવો, મોતી; નગરીમાં કરોરે કલોલ, મારા; ધીક પડીયું મારૂં પરણવું, મોતી; સલે પડયો સંસાર, મારા. ॥૭॥ નેમજીએ રથ પાછો વાળીયો, મોતી; જઈ રહ્યા ગઢગિરનાર, મારા. રોતાં રાજેમતી નીસરયાં, મોતી, મનાવે માયને

આપ. મારા ॥૮॥ પાછાં વળો રાજુલબેની પાતળાં, મોતી; તેથી ભલેરો ભરથાર, મારા; સરખી સહિયરે મેણાં મારીયાં, મોતી, રાજુલનો કાળો ભરથાર–મારા. ॥૯॥ કાળો તે ભમર હાથીયો, મોતી; કાળો તે મેઘ મલાર, મારા. કાળી તે કસ્તુરી મઘમઘે, મોતી; કાળી તે કાજળ મેંસ, મારા. ॥૧૦॥ ઘરેણાં ભરેલો મારો દાભડો, મોતીવારા જીનવરજી, મેલ્યો છે પટારાની માંય, મોતી, જાણે તે જઈશું સાસરે, મોતી, સજસું સોળ શણગાર-મારા.॥૧૧॥કાજળ ભરેલી મારી દાબડી–મોતી, મેલી છે ગોખ-લાંની માંય, મારા. જાણે તે જઈશું સાસરે–મોતી, આંજીસું અણીયાલી આંખ–મારા૦ ॥૧૨॥ રાજુલ તમારૂં કાપડું–મોતીવારા૦ સીવડાવ્યું મંગળવાર–મારા૦ ન પહેરીયું

પીયર સારરે, મોતીવારા૦ ન પહેરીયુ માને મોસાળ, મારા૦ ॥૧૩॥ ન તાણ્યા સસરાના ઘુંઘટા, મોતીવારા૦ ન પડચાં સાસુને પાય, મારા૦ ન તાણ્યાં જેઠનાં ઘુંઘટા, મોતીવારા૦ ન વધાં જેઠાણી શું વાદ, મારા૦ ॥૧૪॥ ન ખાધી દીયરની સુખડી, મોતીવારા૦ ન ગુથ્યાં નણદીનાં માથાં. મારા, ન ચઢચાં ચોરીને ચોગટે, મોતીવારા૦ ન પહેરી વરમાળ, મારા૦ ॥૧૫॥ હાથે તે હાથ ન મેળવ્યો; મોતીવારા૦ ન જમ્યાં કંસાર, મારા૦ પુરૂષને વહાલી પાઘડી; મોતીવારા૦ રાજુલને વહાલા ભરથાર, મારા૦ ॥૧૬॥ નેમજીએ લખી કાગળ મોકલ્યો, મોતીવારા૦ અમે છીએ ગઢ ગીરનાર, મારા૦ સંજમ લેવો હોય તો આવજો, મોતીવારા૦ ઉપન્યો છે કેવળજ્ઞાન, મારા૦ હીરવિજય ગુરૂ

હીરલો, મોતીવારા૦ **લબ્ધિવિજય** ગુણગાય, મારા૦ ॥૧૭॥

## શ્રી સીમંધર સ્વામીનું સ્તવન.

તમે મહાવિદેહ ક્ષેત્ર જઈ કહેજો ચાંદલીઆ કહેજો ચાં૦ શ્રી સીમંધર તેડા મોકલે; તમે ભરત ક્ષેત્રનાં દુઃખ કહેજો ચાંદલીઆ, કહેજો ચાં. શ્રી સીમંધર તેડા મોકલે; અજ્ઞાનતા તો છાઈ રહી છે, તત્ત્વની વાત તો ભૂલાઈ ગઈ છે, એવા આત્માનાં દુઃખ મારે કહેજો ચાંદલીઆ.સીમંધર. ॥૧॥

પુદ્દગલ મોહમાં ફસાઈ ગયો છું, કર્મોની જાલમાં પટકાઈ રહ્યો છું, એવા કર્મોના દુઃખ મારે કહેજો ચાંદલીઆ. કહેજો. સીમંધર. ॥૨॥

મારૂં ન હતું તેને મારૂ કરી જાણ્યું, મારૂં હતું તેને ના રે પીછાન્યું, એવા મૂર્ખના દુઃખ મારે કહેજો ચાંદલીઆ. સીમંધર. ॥૩॥

સીમંધર સીમંધર રહદયે હું ધરતો, પ્રત્યક્ષ દર્શનની આશા હું કરતો, એવા વિયોગના દુઃખ મારે કહેજો ચાંદલીઆ, કહેજો ચાં. સીમંધર. ॥૪॥ સંસાર સુખ મને કડવું જ લાગે, તુમ વિના વાત કહું કેની જ આગે, એવા **અમૃતવિજયના** ગુણ કહેજો ચાંદલીઆ, કહેજો ચાં. સીમંધર. ॥૫॥

## શ્રી સીમંધર સ્વામીનું સ્તવન.

### તુમે બહુ મૈત્રી રે સાહિબા. એ દેશી.

સીમંધર કરજો મયા, ધરજો અવિહડ નેહ; અમચા અવગુણ દેખીને, દેખાડો રખે છેહ. સીમંધર. ॥૧॥ હૈયું હેજાળું માહરૂં, ખીણ ખીણ આવો છો ચિત્ત; પળ પળ ઈચ્છે રે જીવડો, કરવા તુમશું રે પ્રીત. સીમંધર. ॥૨॥ ભકિત તુમારી સદા કરે, અણહુંતા

સુર કોડ; જગ જોતાં કોઈ નવિ જડે; સ્વામી તુમારી રે જોડ; સી. ॥૩॥ દક્ષિણ ભરતે અમે વસ્યા, પુખ્ખલવઈ જિનરાય; દિસે છે મળવા તણો, એ મોટો અંતરાય; સી૦ ॥૪॥ દૈવે દીધી ન પાંખડી, કિણ વિધ આવું હજૂર; તો પણ માનજો વંદના, નિત્ય ઉગમતે સૂર. સી૦ ॥૫॥ કાગળ લખવો રે કારમો, કીજે મહેર અપાર; વિનતિ એ દિલ ધારિયે, આવાગમન નિવાર. સી૦ ॥૬॥ દેવ દયાલ કૃપાલ છો, સેવકની કરો સાર; **ઉદયરતન** એમ ઉચ્ચરે, સ્વામી મુજ ન વિસાર. સી૦ ॥૭॥

## શ્રી અખાત્રીજનું સ્તવન.

શ્રી રૂષભ વરસોપવાસી, પુરવની પ્રીતી પ્રકાશી, શ્રેયાંસ બોલે રે શાબાશી, બાવાજી વિનતી અવધારો, મારે મંદિરીયે પધારો.

બાવાજી. ॥૧॥ સેલડી રસ સુજતો વોહિરો, નાથજી ન કરાવો નોહિરો, દરીશન ફલ આપો દોહરો, બાવાજી. ॥૨॥ પ્રભુજીએ તવ માંડી પસલી, આહાર લેવાની ગતિ અસલી, પ્રગટયો તવ દુરગતિ વસલી, બાવાજી, ॥૩॥ અજુઆલી તીજ વૈશાખી, પંચ દિવ્ય થતે સુર ખાસી; એ તો દાન તણી ગતિ દાખી. બાવાજી. ॥૪॥ જુગાદિ પર્વ એ જાણો, અખાત્રીજ નામે એ વખાણો; સહુ કોઈ કરે ગલમાણો બાવાજી. ॥૫॥ સહસ વરસે કેવલ પાયો, એક લાખ પુરવ અરચાયો; પછે પરમ મહિોદય પાયો બાવાજી. ॥૬॥ એમ ઉદય વદે ઉવજઝાયા, પૂજે શ્રી રૂષભના પાયા; જિણે આદિ ધર્મ ઉપાયા. બાવાજી ॥૭॥



॥ૐ હ્રીં, અ, સિ, આ. ઉ, સાય નમઃ સ્વાહા.॥

---

અસ્ય મંત્રસ્ય અષ્ટોત્તરશતજાપઃ કાર્યઃ, તેન નવગ્રહ—પીડોપશાંતિઃ સ્યાત્ ॥

## શ્રી નવપદ સ્તવન.

વીર જિણંદની વાણી, ચિત્ત ધરતો અમીએ સમાણી ॥ હો ભવિયાં ॥ નવપદ

નિત્ય નિત્ય સેવો૦ ॥૧॥ અરિહંતપદ સુખ-
કારી, બીજે સિદ્ધ નમો હિતકારી ॥ હો ભ૦
॥ ન૦॥ ॥૨॥ આચારજ સુવિચારી, ઉવજ્ઝા-
ય તે શ્રુત ઉપગારી હો ॥ ભ૦ ॥ ન૦ ॥
॥૩॥ સત્યાવીશ ગુણધારી, એસે સાધુ નમો
બ્રહ્મચારી હો ॥ ભ૦ ॥ ન૦ ॥૪॥ દંસણ
નાણ નમીજે, વલી ચારિત્ર મહાતપ લીજે
હો ॥ભ૦॥ ન૦॥પ॥ કર્મ ગહન તપ કાપે,
એતો મન વંછિત સુખ આપે હો ॥ ભ૦॥
ન૦ ॥૬॥ સમર્યાં સંકટ ભાંજે, જસુ દિન
દિન મંગલ છાજે હો ॥ભ૦॥ ન૦ ॥૭॥
નવપદ જે નર ધ્યાવે, તે તો સુર નર શિવ-
સુખ પાવે હો ॥ ભ૦॥ ન૦ ॥૮॥ ભકિત
વિલાસે જે ગાવે, તે તો સુર નર શિવસુખ પાવે
હો ॥ભ૦॥ ન૦ ॥૯॥

# શ્રી પર્યુષણનું સ્તવન.

રીઝો રીઝો શ્રી વીર દેખી, શાસનના શીરતાજ, હરખો હરખો આ મોસમ આવી, પર્વ પર્યુષણ આજ, પ્રભુજી દેવે પર્ષદા માંહી, ઉત્તમ શિક્ષા એમ, આળસમાં બહુ કાળ ગુમાવ્યો, પર્વ ન સાધો કેમ. રીઝો. ॥૧॥ સોનાનો રજકણ સંભાળે; જીમ સોની એક ચિત્ત, તેથી પણ આ અવસર અધિકો, કરો આત્મ પવિત્ર. રીઝો૦ ॥૨॥ જેને માટે નિશદિન રખડો, તજી ધર્મના નિમ, પાપ કરો તો શિરપર બોજો, તો વ્યાજબી કેમ, રીઝો. ॥૩॥ કોઈ ન લેશે ભાગ પાપનો, ધનનો લેશે સર્વ, પરભવ જાતા સાથ ધર્મનો, સાધો આ શુભ પર્વ. રીઝો૦ ॥૪॥ સંપીને સમતાએ સુણજો, અઠ્ઠાઈ વ્યાખ્યાન, છઠ્ઠ કરી

શ્રી કલ્પસૂત્ર હે, વાર્ષિક અઠ્ઠમ જાણ. રીઝો૦ ॥૫॥ નિશિથ સૂત્રની ચુર્ણી માટે, આલોચના વખણાય; ખમીએ હોંશે સર્વ જીવને, જીવન નિરમળ થાય; રીઝો૦॥૬॥ ઉપકારી શ્રીપ્રભુની કીજે, પુજા અષ્ટ પ્રકાર, ચૈત્ય જુહારો ગુરૂ વંદીજે, આવશ્યક બે કાલ; રીઝો૦ ॥૭॥ પોષધ ચોસઠ પહોરી કરતાં, જાયે કર્મ જંજાલ; **પદ્મવિજય** સમતા રસ ઝીલે, ધર્મ મંગલ માલ; રીઝો૦ ॥૮॥

## શ્રી ગોડી પાર્શ્વનાથનું સ્તવન.

શ્રી ગોડી પાર્શ્વજિન ભેટીયે રે લાલ, નરોડા ગામ મોઝાર મન મોહ્યું રે, શ્રી અશ્વસેન નરીંદનારે લાલ, નંદન અતિ સુખકાર મન મોહ્યું રે. શ્રી ગોડી૦ ॥૧॥ પદ્મા-

વતી શાસન સુરીરે લાલ, કરતી જસ પદ સેવ મન મોહ્યું રે, જસ પદ લાંછન શોભતું રે લાલ, સર્પનું તે નિત્ય મેવ મન મોહ્યું રે ॥ શ્રી ગોડી૦ ॥૨॥ આઠ કર્મ રિપુ જીતીને રે લાલ, જે પામ્યા ભવપાર મન મોહ્યું રે, ભવિજન વાંછિત પૂરવેરે લાલ, કલ્પવૃક્ષ સમ સાર મન મોહ્યું રે. શ્રી ગોડી૦ ॥૩॥ આનંદ-દાયક જીવનારે લાલ, ઋધિ કીર્તિ ભંડાર મન મોહ્યું રે, વીર વિશુદ્ધ મહોદયારે લાલ, પ્રમોદ મણી આગાર મન મોહ્યું રે, ॥ શ્રી ગોડી૦ ॥૪॥ જ્ઞાન ઉદ્યોતે દીપતારે લાલ, દાન શીલ તપ ભાવ મન મોહ્યું રે, એહિજ ધર્મ પ્રકાશ-તારે લાલ, દયા મુખ્ય સ્વભાવ મન મોહ્યું રે. ॥ ગોડી૦ ॥૫॥ સૌભાગ્ય લહીએ શુદ્ધ સ્વભાવથી રે લાલ; જ્ઞાન રયણના નિધાન

મન મોહ્યું રે, ઓગણીશે સિત્તેર સાલમાં રે લાલ, પોષ માસ સુખ ધામ મન મોહ્યું રે. શ્રી ગોડી૦ ॥૬॥ વંદી સાતમ રવિવારને રે લાલ, જાત્રા કરી મનોહાર મન મોહ્યું રે, શ્રી ગોડી પાર્શ્વનાથના રે લાલ, **મુક્તિવિમલ** જયકાર મન મોહ્યું રે. ॥ શ્રી ગોડી૦ ॥૭॥

## શ્રી વર્ધમાન તપનું સ્તવન.

### ઢાળ પહેલી

(જિમ જિમ એ ગિરિ ભેટીયે રે,—એ દેશી.)

જિમ જિમ એ તપ કીજીએ રે, તિમ તિમ ભવ પરિપાક સલુણા; નિકટ ભવી જીવ જાણવો રે, ઈમ ગીતારથ સાખ સલુણા. જિમ૦ ॥૧॥ આંબિલ તપ વિધિ સાંભળો રે, વર્ધમાન ગુણ ખાણ સલુણા; પાપ મળ

ક્ષય કારણે રે, કતક ફળ ઉપમાન સ૦ જિમ૦ ॥૨॥ શુભ મુહૂર્ત શુભ યોગમાં રે, સદ્ગુરૂ નાંદી યોગ સ૦ આંબિલ તપ પદ ઉચ્ચરી રે, આરાધો અનુયોગ સ૦ જિ૦ ॥૩॥ ગુરૂ-મુખ આંબિલ ઉચ્ચરી રે, પૂજી પ્રતિમા સાર સ૦; નવપદની પૂજા ભણી રે, માગો પદ અણાહાર સ૦ જિ૦ ॥૪॥ ષટ રસ ભોજન ત્યાગવા રે, ભૂમિસંથારો પ્રાય સ૦ બ્રહ્મચર્યાદિ પાળવા રે, આરંભ જયણા થાય સ૦ જિ૦ ॥૫॥ તપ પદની આરાધના રે, કાઉસ્સગ્ગ લોગસ્સ બાર સ૦; ખમાસમણાં બાર આપવા રે, ગુણણું દોય હજાર સ૦ જિ૦ ॥૬॥ અથવા સિદ્ધ પદ આશ્રયી રે, કાઉસ્સગ્ગ લોગસ્સ આઠ સ૦; ખમાસમણાં આઠ જાણવાં રે, નમો સિદ્ધાણં પાઠ સ૦ જિ૦ ॥૭॥

બીજે દિન ઉપવાસમાં રે, પૌષધાદિ વ્રત યુક્ત સ૦; પડિક્કમણાદિક ક્રિયા કરી રે, ભાવના પરિમલ યુક્ત સ૦ જિ૦ ॥૮॥ ઈમ આરાધો ભાવથી રે, વિધિપૂર્વક ધરી પ્રેમ સ૦; ભાવો ધ્યાવો ભવિજના રે, **ધર્મરત્ન** પદ એમ સ૦ જિ૦ ॥૯॥

## ઢાળ બીજી

(નવપદ ધરજો ધ્યાન ભવિક જન—એ રાગ.

તપ પદ ધરજો ધ્યાન ભવિક તમે, તપ પદ ધરજો ધ્યાન; નામે શ્રી વર્ધમાન ભવિક૦ દિન દિન ચઢતે વાન ભવિ૦, સેવો થઈ સાવ ધાન ભવિ૦, તપ પદ ધરજો ધ્યાન, પ્રથમ ઓળી એમ પાળીને રે, બીજીએ આંબિલ દોય ભ૦. ત્રીજીએ ત્રણ ચોથી ચાર છે રે, ઉપવાસાંતર હોય ભ૦ ॥૧॥ એમ સો આંબિલ

વ્રતની રે, સોમી ઓળી થાય ભ૦; શકિત અભાવે આંતરે રે, વિશ્રામે પહોંચાય ભ૦ ॥૨॥ ચૌદ વર્ષ ત્રણ માસની રે, ઉપર સંખ્યા દિન વીશ ભ૦; કાળ માન એ જાણવું રે, કહે વીર જગદીશ ભ૦ ॥૩॥ અંતગડ અંગે વર્ણવ્યું રે, આચાર દિનકર લેખ ભ૦; ગ્રંથાંતરથી જાણવો રે, એ તપનો ઉલ્લેખ ભ૦ ॥૪॥ પાંચ હજાર પચાસ છે રે, આંબિલ સંખ્યા સર્વ ભ૦; સંખ્યા સો ઉપવાસીની રે, તપમાં ન કરો ગર્વ ભ૦ ॥૫॥ મહાસેન કૃષ્ણા સાધવી રે, વર્ધમાન તપ કીધ ભ૦; અંતગડ કેવળ પામીને રે, અજરામર પદ લીધ ભ૦ ॥૬॥ શ્રીચંદ કેવળી એ તપ સેવીને રે, પામ્યા પદ નિર્વાણ ભ૦; **ધર્મરત્ન** પદ પામવા રે, એ ઉત્તમ અનુષ્ઠાન ભ૦ ॥૭॥

## ઢાળ ત્રીજી

(નરભવ નગર સોહામણું વણઝારારે—એ રાગ.)

જિનધર્મ નંદન વન ભલો રાજ હંસા રે, તપ સુર તરૂ ઉપમાન અહો રાજહંસા રે, શીતળ છાયા સેવીને રા૦ પ્રાણી તુ થા સાવધાન અહોરાજ૦ ।।૧।। અમૃત ફળ આસ્વાદીને રા૦ કાઢ અનાદિની ભૂખ અહો રા૦; ભવ પરિભ્રમણા ભગ્ન તું રા૦ અવસર પામી ન ચૂક અહો રા૦ ।।૨।। શત શાખાથી શોભતો રા૦; પાંચ હજાર પચાસ અહો રા૦; આંબિલ ફૂલે અલંકર્યો રા૦ અક્ષય પદ ફળ તાસ અહો રા૦ ।।૩।। વિમલેશ્વર સુર સાંનિધ્યે રા૦, તું નિર્ભય થયો આજ અહો રા૦ કૃતકૃત્ય થઈ માગ તું રા૦ અકળ સ્વરૂપી રાજ અહો રા૦ ।।૪।। વિગ્રહ ગતિ વોસિરાવીને રા૦, લોકાગ્રે

કર વાસ અહો રા૦ ધન્ય તું કૃતપુણ્ય તું રા૦, સિદ્ધ સ્વરૂપ પ્રકાશ અહો રા૦ ॥૫॥ તપ ચિંતવણી કાઉસ્સગ્ગે રા૦, વીર તપોધન ધ્યાવ અહો રા; મહાસેન કૃષ્ણા સાધવી રા૦ શ્રીચંદ ભવજળ નાવ અહો રા૦ ॥૬॥ સૂરિ શ્રી જગચંદ્રજી રા૦, હીરવિજય ગુરૂ હીર અહો રા૦; મલ્લવાદી પ્રભુ કૂરગડુ રા૦, આર્ય સુહસ્તી વીર અહો રા૦ ॥૭॥ પારંગત તપ જલધિના રા૦ જે જે થયા અણગાર અહો રા૦; જીત્યા જિહ્વા સ્વાદને રા૦, ધન્ય ધન્ય તસ અવતાર અહો રા૦ ॥૮॥ એક આંબિલે ટૂટશે રા૦, એક હજાર ક્રોડ વર્ષ અહો રા૦; દશ હજાર ક્રોડ વર્ષનું રા૦, ઉપવાસે નરક આયુષ્ય અહો રા૦ ॥૯॥ તપ સુદર્શન ચક્રથી રા૦, કરો કર્મનો નાશ અહો રા૦, **ધર્મરત્ન** પદ

પામવા રા૦, આદરો તપ અભ્યાસ અહો રા૦ ॥૧૦॥

## કળશ—

તપ આરાધન ધર્મ સાધન વર્ધમાન તપ પરગડો, મન કામના સહુ પુરવાને સર્વ થાયે સુરઘડો; અતિ દાનથી શુભ ધ્યાનથી ભવિ જીવ એ તપસ્યા કરો, શ્રી વિજય ધર્મ સૂરીશ સેવક રત્નવિજય કહે શિવ વરો.

## શ્રી નેમ રાજુલનો પત્ર.

સ્વસ્તિશ્રી રૈવત ગિરિવરા, વહાલા નેમજી જીવન પ્રાણ, લેખ લખું હોંશે કરી, રાણી રાજુલ ચતુર સુજાણ, ॥૧॥ વહેલા ઘેર આવજો, મ્હારા જીવન યાદવ રાય, વાર મ લાવજો, મેં તો લિખ્યો હોંશે લેખ; મનમાં ભાવજો, વળી જે હોય વેધક જાણ, તાસ સંભાળજો.

॥૨॥ મહારાજા જીવન યાદવ રાય,–વે૦ ॥ એ **આંકણી** ॥ ક્ષેમ કુશળ વરતે ઈહાં, વહાલા જપતાં પ્રભુજીનું નામ, સાહિબ સુખશાતા તણો, મુજ લિખજો લેખ તામ, વેલા૦ ॥૩॥ સાવ સોવન કાગળ કરૂં, વહાલા અક્ષર રયણ રચંત, મણી માણેક લેખણ જડું, હું તો પીયુ ગુણ પ્રેમે લખંત–વહેલા૦ ॥૪॥ જે તોરણથી પાછા વળ્યા, તેહને કાગળ લખું કઈ રીત, પણ ન રહે મન માહરૂં, મુને સાલે પૂરવ પ્રીત, વહેલા૦ ॥૫॥ દિવસ જેમ તેમ કરી નિર્ગમું, મુને રયણી વરસ હજાર, જો હોય મન મળવા તણું, તો વહેલા કરજો સાર, વહેલા. ॥૬॥ નવ યૌવને પીઉ ઘર નહિં, વસવું તે દુરજન વાસ, બોલે બોલ દાખવે, વહાલા ઉંડા મર્મ વિમાસ, વહેલા૦ ॥૭॥

સહુકો રમે નિજ માળીયે, વહાલા કામિની કંથ સેહેજ, થર થર ધ્રુજે મારી દેહડી, મ્હારી સુનિ દેખીને સેજ=વહેલા૦ ॥૮॥ વીતી હશે તે જાણશે, વહાલા વિરહની વેદના પૂર, ચતુરા ચિત્તમાં સમજશે, શું લહે મૂરખ ભૂર, વહેલા૦ ॥૯॥ પતંગ રંગ દિસે ભલો, વાહાલા ન ખમે તાવડ ઠરી, ફાટે પણ ફીટે નહિ, હું તો વારી ચોળ મજીઠ. વહેલા૦ ॥૧૦॥ ઉત્તમ સજ્જન પ્રીતડી, જેમ જળમાં તેલ નિરધાર, છાંયડી ત્રીજા પહોરની, તે તો વડ જેવી વિસ્તાર, વહેલા૦ ॥૧૧॥ દૂર થકી ગુણ સાંભળ્યા, વહાલા મન મળવાને થાય, વાલે-શ્વર મુજ વિનંતી, તે તો જિહાં તિહાં કહી ન જાય,–વ૦ ॥૧૨॥ એકે મેહલી બીજે મળે, વહાલા મનમાં નહિ તાસ સનેહ, લીધા મુકી

જે કરે, તે તો આખર આપે છેહ—વ૦ ॥૧૩॥ જે મન તે તેહ મિલિ રહ્યા, વહાલા ઉત્તમ ઉપમા તાસ, જો જો તિલ ફુલની પ્રીતડી, તેહની જગમાં રહી સુવાસ, વ૦ ॥૧૪॥ ખાવા પીવા પહિરવા, વહાલા મન ગમતા શણગાર, ભર યૌવન પીઉં ઘર નહિં, તેહનો એળે ગયો અવતાર, વ૦ ॥૧૫॥ બાળપણે વિદ્યા ભણે, ભર યૌવન ભાવે ભોગ, વૃદ્ધ પણે તપ આદરે, તે તો અવિચળ પાળે યોગ, વ૦ ॥૧૬॥ કાગળ જગ ભલે સરજીયો, વહાલા સાચો તે મિત્ર કહાય, મનનું દુઃખ માંડી લખું, તે તો આંસુડે ગળી ગળી જાય, વ૦ ॥૧૭॥ લેખ લાખેણો રાજુલે લખ્યો, નેમજી ગુણ અભિરામ, અક્ષરે અક્ષર વાંચજો, માહરી ક્રોડા ક્રોડ સલામ, વ૦ ॥૧૮॥ નેમ રાજુલ

શિવપુરિ મળ્યાં, પૂગી તે મન કેરી આસ, શ્રી વિનયવિજય ઉવજઝાયનો, શિષ્ય રૂપ સદા સુખવાસ, વ૦ ॥૧૯॥

## શ્રી મૂર્ખને શિખામણની સજ્ઝાય.

મુરખો ગાડી દેખી મલકાવે, ઉમર તારી રેલતણી પરે જાવે, સંસાર રૂપી ગાડી બનાવીને, રાગ દ્વેષ દોય પાટા; દેઈ ડબાને પલ પલ પૈડા, એમ ફરે છે આઉખામાં આંટારે; મુરખો૦ ॥૧॥ કર્મ એંજીનમાં કષાય અગનીને, વિષય વારી માંહી ભરીઉં; તૃષ્ણા ભુગળુ આગળ કર્યું તે, ચારે ગતિમાં ફરીઉં રે. મુરખો૦ ॥૨॥ પ્રેમ તણા દો આંકડા વળગાડયાને, ડબે ડબા જોડયા ભાઈ; પૂરવ ભવની ખરચી લઈને, ચેતન બેસારૂ બેઠાં માંહી રે, મુરખો૦ ॥૩॥ કોઇએ ટીકટ લીધી નરક

તિર્યંચની, કોઈએ લીધી મનુષ્ય દેવા; કોઇએ ટીકટ લીધી સિદ્ધ ગતિની, પામવા અમૃત મેવા રે, મુરખો૦ ॥૪॥ ઘડીએ ઘડીએ ઘડીઆળાં વાગે, એમ રાત દીવસ વહી જાય; વાગે સીટીને ચાલે અગન ગાડી, માસ માસના મૈલ આવે રે. મુરખો૦ ॥૫॥ આયુષરૂપી આવ્યું સ્ટેશન, હંસલો તે હાલુ હાલુ થાય; પાપે ભરી પાકીટ લઈ જાતાં, કાળ કોટવાળે પકડીઓ રે. મુરખો ॥૬॥ નરક નગરીમાં જમરાજા પાસે, જઈને સોંપ્યો તતકાળ; આરંભ કરીને આવ્યા પરૂણા, તેને કુંભી તે પાકમાં ઘાલો રે. મુરખો૦ ॥૭॥ સંવત '૧૮૮૬' શશી નિધ વર્ષ તે વેદ મુલ, મહા તીથીને વાર આદી; ગુરૂ ગોપાળજી સ્વામી પુન્યપસાએ, કીધી મોહન ભાવ ગાડી રે. મુરખો૦ ॥૯॥

લાખ ચોરાશી જીવા યોનીમાં, જીવડો રૂલે
વારંવાર; સદ્ગુરૂ શીખે ધર્મ આરાધે, તો
પામે મુક્તિનો દ્વાર. મુરખો૦ ॥૮॥



મંત્ર:-ઓઁ હ્રીઁ અર્હંત ઉત્પત ઉત્પત
સ્વાહા

